Registration of News Paper No. GUJGUJ/2013/48361 - Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/-
1st of Every Month - Langauge : GUJARATI

# સહજ-સત્સંગ

Year : 1 Issue : 4 Dt. 1-5-2013 Page - 52 માસિક

SAHAJ SATSANG (MONTHLY) Editor : MANSINH K. CHAVDA, Publisher : KAMLESH C. MANDAVIA, Printer : LALIT H. UPADHYAYA Owner : MA SRI ARVIND SADHANA TRUST, Place of Publication : SAHAJ SATSANG KARYALAYA "ARPAN" 259, VRUNDAVAN. OPP. NYARI FILTER PLANT, KALAWAD ROAD, RAJKOT - 360 005. GUJARAT. Printed At LA MERE PRINTERY "ARPAN" 259, VRUNDAVAN, OPP. NYARI FILTAR PLANT, KALAWAD ROAD, RAJKOT - 360 005 GUJARAT





# મા મીરાંબિકા

Nothing but radical change of consciousness
can deliver the world from its present obscurity.

- The Mother

## આમૂલાગ રૂપાંતરનું મહત્ત્વ

ભાવાનુવાદ

જડ તત્ત્વ અચિત્-ગ્રસ્ત, સંવેદનહીન ને આળસુ,
ફેરફાર ન એ સહે, છે એવું જ રહેવું ગમે.
અચિત્ સત્ય ચેતનાને, અવરોધરૂપ બની રહે,
જીવન, જગતે અંધાધુંધી, ફેલાવી દૂષણ બને.
રૂપાંતર જ ઉપાય તેનો, આમૂલ ફેરફાર જેને કહે,
તે જ જીવન, જગતને, સ્વચ્છ, પારદર્શક બનાવી દે.
તો જ એ અંધાંધૂંધી, નિયંત્રાણમાં આવશે,
અન્ય ના ઉપાય તેનો, એ દૃઢ તું મનમાં ધરે.

- શ્રી માતાજી

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૧૦,૧૩ સટેમ્બર ૧૯૧૪ - પૃ.૧૮૦-૧૮૧)



પ્રભુ તારો પ્રેમ સૌનાં હૃદયોમાં એક..... દિવ્ય જ્યોતિ પ્રગટાવશે. જેને હોલવી શકાશે નહિ..... તે એક અવિકારી આનંદની પ્રભાની સ્થાપના કરશે..... વિચારોમાં પરમ સ્પષ્ટતા સ્થાપિત કરશે..... દિવ્યજ્ઞાનની શક્તિ મૂકશે, જે કદી ભૂલ ન કરે..... વિષમતાઓ અને વિરોધો વચ્ચે જ્ઞાનની પ્રભા સ્થાપશે. જેમાં પરમબુદ્ધિમત્તા, પ્રજ્ઞા રહેલી હશે..... તેમની અંદર અસરકારક શક્તિ પેદા કરશે જે નિષ્ફળ નહિ જાય..... જેમાં તારું સંકલ્પબળ રહેલું હશે.

હે દિવ્ય મા, હું તને ઉમળકાપૂર્વક નમન કરું છું. ઊંડી લાગણી સાથે તારી સાથે એકરૂપ થાઉં છું. દિવ્યમા સાથે એકરૂપ બનીને હે પ્રભુ હું તમને મૂક ભક્તિભાવમાં નમન કરું છું. અભીપ્સામાં તારી સાથે એકરૂપ થાઉં છું.

પછી સર્વ - અદ્‌ભુત નીરવતા બની જાય છે.

## અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પ્રકાશ ધારણાનાં પરિણામો) | ૩ |
| **શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન** | ૪ |
| **દિવ્યજીવન** (ભૌતિકવાદ) | ૭ |
| **માતૃવાણી** (વિશ્વમાં પોતાનું સ્થાન) | ૧૦ |
| **સાવિત્રી** (જગત અને જીવન : એક અકસ્માત) | ૧૩ |
| **યોગ વિષે પત્રો** (ચેતનાનું કાર્ય ) | ૧૭ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (પ્રાચીન યોગીઓનો યોગ વિષે દષ્ટિકોણ) | ૨૦ |
| **ઉપનિષદો** (આત્મસાક્ષાત્કાર) | ૨૪ |
| **યોગ પર દીપ્તિઓ** (જીવ અને જીવાત્મા) | ૨૬ |
| **વેદ-રહસ્ય** (ઉષાનું સ્વરૂપ ) | ૨૮ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (ટીકાઓ પ્રત્યે આપણે કેવું વલણ રાખવું ?) | ૩૧ |
| **જાતકથાઓ** (મોટાઈનો મોહ ) | ૩૩ |
| **સાંજના વાર્તાલાપો** (આપણા સ્વરૂપનાં વિભાગો ) | ૩૪ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (આત્માના સાક્ષાત્કારની પૂર્વશરતઃ મનોજય (૪૪-૪૬)) | ૩૮ |
| **આત્મસિદ્ધિ** (વ્યક્તિગત અને સામૂહિકપૂર્ણતા) | ૪૦ |
| **વેદવિજ્ઞાન** (વૈદિક દેવતા-ઈન્દ્ર ) | ૪૨ |
| **શ્રી ભગવત્યારાધના** | ૪૪ |
| **શ્રી ચંપકલાલની સાધનાની પ્રગતિનું પ્રમાણ** | ૪૬ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી** | **કવરપેજ ૪ ઉપર** |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**
અંક : ૪ વર્ષ : ૧
મે - ૨૦૧૩

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઓર્ડરથી **'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.


(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

# પ્રકાશ ધારણાનાં પરિણામો

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પ્રભુ તારો પ્રેમ તો વધતી જતી ભરતી જેવો છે. જે સમગ્ર સ્વરૂપમાં છવાઈ જાય છે. તે સ્વરૂપના કોષે કોષમાં દિવ્ય-પ્રકાશને પ્રગટાવી દે છે. તેને કારણે એક મૂક અવિકારી આનંદ સમગ્ર સ્વરૂપને રોમાંચિત કરે છે. પરમ મંગલમય શુભ ભાવનાઓથી હૃદયને છલકાવી દે છે.

તે દિવ્ય પ્રકાશ વિચારોમાં પરમ-સ્પષ્ટતા લાવે છે. એવી અચૂક-આંતરપ્રેરણાઓ આપે છે, જે ભૂલ કરતી જ નથી. પરમબુદ્ધિમત્તા, પ્રજ્ઞાશક્તિને પ્રગટ કરીને તારી હાજરીને અનુભવતા કરશે. એવી અસરકારક શક્તિ પેદા કરે છે જે સફળ જ થાય છે. એવું દિવ્યબળ નિર્માણ કરે છે જે વિજયી જ નીવડે છે. વિરોધો અને વિષમતા વચ્ચે પણ જીવનમાં તારી પ્રભુતા, વર્ચસ્વ સ્થપાશે. તારા પરમ-સંકલ્પને તે પ્રગટ કરશે.

આ પ્રકાશમય શક્તિ એ જ આપણી દિવ્યમાતા છે. અદિતિ છે. હે અદિતિ, તમારી સાથે હું ખૂબજ એકાગ્રતાપૂર્ણ પ્રેમથી એકરૂપ થઈ જાઉં છું. આ રીતે પરમ-પ્રકાશ સ્વરૂપ દિવ્યમા સાથે એકરૂપ થયા બાદ હું પ્રભુ તમારા તરફ વળું છું. તમે પ્રકાશમય આત્મા છો. વિશાળ, અસીમ અને આનંદપૂર્ણ. તમારી સાથે પણ હું દિવ્ય ભક્તિભાવથી એકરૂપ થાઉં છું.

અને પછી બધી વસ્તુઓ એક ગહન નીરવતામાં ડૂબી જાય છે તે નીરવતાને હું સભાન એકાગ્રતા સાથે માણું છું.

# શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

**નવા જગતનો આવિર્ભાવ :**

''પ્રભુ તેં સંકલ્પ કર્યો છે અને તું તેને સાકાર કરે છે. એક નૂતન પ્રકાશ પૃથ્વી ઉપર પ્રગટ થશે. એક નૂતન જગતનો જન્મ થશે. જે જે વસ્તુનાં વચન અપાયાં છે, તે સિદ્ધ થશે.'' ૨૫મી સપ્ટેમ્બર ૧૯૧૪નાં રોજ પ્રાર્થના અને ધ્યાનની ડાયરીમાં શ્રી માતાજીએ પ્રભુને પ્રાર્થના કરતાં આ લખ્યું હતું. તે સમયે શ્રી માતાજીની નવા જગતના પ્રાકટ્ય માટે આ પ્રાર્થના હતી. આ પ્રાર્થનાને સાકાર કરવા માટે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની કઠોર તપસ્યા હતી. પૂરા ૪૨ વર્ષ બાદ ૧૯૫૬ની ૨૯મી માર્ચે પ્રભુએ શ્રી માતાજીની આ પ્રાર્થનાને સાકાર કરી. તે દિવસે સાંજે પ્લેગ્રાઉન્ડમાં ધ્યાન હતું. બધા સાધકો ધ્યાન માટે ભેગા થયા હતા. ધ્યાનની આ ગહન નીરવતામાં શ્રી માતાજીએ પોતાના સુવર્ણમય સ્વરૂપને જોયું. એમના હાથમાં એક સોનેરી હથોડો હતો. એમણે એ પણ જોયું કે તેમની સામે એક પ્રચંડ સોનેરી બારણું હતું, જે આ જગતને પરમાત્માથી અલગ પાડી રહ્યું હતું. તેમણે ધ્યાનમાં જ શ્રી અરવિન્દના સ્પષ્ટ શબ્દો સાંભળ્યા કે "The Time has come. - સમય આવી પહોંચ્યો છે.' આ સાંભળીને શ્રી માતાજીએ સંકલ્પ કર્યો. તેમણે એ પ્રચંડ સોનેરી હથોડાથી બારણા પર જોરથી ઘા કર્યો અને એ સાથે જ બારણું ભાંગીને ભુક્કો થઈ ગયું અને પછી અતિમનસ પ્રકાશ પૃથ્વી ઉપર અસ્ખલિત પ્રવાહમાં નીચે ઊતરી આવ્યો. આ સંદર્ભમાં શ્રી માતાજીએ કહ્યું હતું કે, ''આ પ્રકાશ વીસ મિનિટ સુધી વરસતો રહ્યો હતો. તે પછી મેં ધ્યાન બંધ કરી દીધેલું. કાંઈ અનંતકાળ સુધી તો ધ્યાન ન જ કરી શકાય ને. લોકો થોડા વખત પછી બેચેન બની જાય છે. મારે બાહ્ય ચેતનામાં પાછા આવવા માટે ખાસ પ્રયત્ન કરવો પડેલો. અને ખૂબ જ મુશ્કેલીથી હું બોલી શકેલી. આ જે ઘટના બની હતી. તેની આશ્રમમાં માત્ર બે જ જણને અને બહાર ત્રણ શિષ્યોને આછી ખબર પડી હતી.

આમ ચાર દાયકાની દીર્ઘ તપસ્યાને અંતે અતિમનસ પ્રકાશ પૃથ્વી પર ઊતરી આવ્યો. શ્રી માતાજીએ કહ્યું હતું કે ''પૃથ્વી ઉપર અતિમનસનો આવિર્ભાવ થશે, એ હવે એક માત્ર વચન રૂપે જ નથી રહ્યું. એ હવે જીવતી જાગતી હકીકત, એક વાસ્તવિક સત્ય બની રહ્યું છે. એ અતિમનસ હવે અહીં કામ કરી રહ્યું છે. અને એક દિવસ એવો આવશે કે જ્યારે જગતના અંધમાં અંધ માણસોને, અચેતનમાં અચેતન માણસોને, તેમ જ જે લોકો આ વસ્તુ સ્વીકારવાને લેશ પણ તૈયાર નથી, તેવાઓને પણ એનો સ્વીકાર કરવાની ફરજ પડશે.'' શ્રી માતાજીએ અતિમનસ ચેતનાને પૃથ્વીના વાતાવરણમાં સક્રિય કરી દીધી છે અને તેના પરિણામે સમગ્ર પૃથ્વીની ચેતનામાં આમૂલ પરિવર્તન થઈ રહ્યું છે. હવે જડપદાર્થો સચેતન બની રહ્યાં છે. જાતજાતના કોમ્પ્યુટરો, મોબાઈલ ફોન, સૂક્ષ્મ વિજાણુયંત્રો આ બધું એ જડદ્રવ્યની સચેતનાનું જ પરિણામ છે. નવું જગત હવે ખૂબ ઝડપથી આવિર્ભાવ પામી રહ્યું છે.

૨૯મી માર્ચ ૧૯૫૬ના રોજ આશ્રમના કેપ્ટન આશ્રમવાસીઓ માટેનો સંદેશો લેવા માટે ૨૫મી સપ્ટેમ્બર ૧૯૧૪ની પ્રાર્થના લઈને શ્રી માતાજી પાસે ગયા હતા. જેમાં શ્રી માતાજીએ નૂતન જગતના આવિર્ભાવ માટે પ્રાર્થના કરી હતી. એ પ્રાર્થનામાં શ્રી માતાજીએ સ્વહસ્તે સુધારો કરીને સંદેશ આપ્યો :

''પ્રભુ આપે સંકલ્પ કર્યો છે, અને હું તેને સાકાર કરું છું. પૃથ્વી ઉપર એક નવીન પ્રકાશ પ્રગટી રહ્યો છે. એક નવીન જગત જન્મ પામ્યું છે. જે જે વસ્તુઓનાં વચન અપાયાં છે, તે સઘળી સિદ્ધ બની છે.''

આ સંદેશ દ્વારા શ્રી માતાજીએ સ્પષ્ટપણે જણાવી દીધું કે પૃથ્વી ઉપર નવા પ્રકાશનું અવતરણ થઈ ચૂક્યું છે, અને નવીન જગતનો આવિર્ભાવ થઈ ગયો છે. આ નૂતન જગત એ અતિમનસ જગત છે. દેવતાઓની ય પેલે પારનું જગત છે. મનની ભૂમિકાથી તો ક્યાંય ઊંચે રહેલું છે. એ પ્રભુના પ્રેમ, પ્રકાશ આનંદ અને જ્ઞાનનું જગત છે. આ દિવ્ય જગતની સ્થાપના કરવા માટે શ્રી માતાજીએ પૃથ્વી ઉપર દેહ ધારણ કર્યો હતો. માનવદેહની તમામ મર્યાદાઓ સ્વીકારી હતી. અને તેથી જ તો પૃથ્વી ઉપર આ નવું જગત જન્મ પામ્યું અને જેમ જેમ માનવ ચેતના દિવ્ય ચેતનામાં વિકસતી જશે તેમ તેમ આ જગત પ્રગટ થતું જશે. સદાકાળ શ્રી માતાજીએ સમગ્ર માનવજાતિને આ નવા જગતની અદ્ભુત ભેટ

આપી છે.

**અમરતાનો માર્ગ :**

શ્રી માતાજીનું માનવજાતિને મોટામાં મોટું ત્રીજું પ્રદાન તો તેમણે પોતાની જીવન સાધના દ્વારા કંડારી આપેલો અમરતાનો માર્ગ છે. અત્યાર સુધી મૃત્યુનાં મુખમાં હોમાતી રહેતી માનવજાતિ માટે શ્રી માતાજીએ અઘોર સાધના કરી પરમાત્મા પાસેથી અત્યાર સુધી કોઈએ નથી માંગ્યું એવું વરદાન માંગી, સમગ્ર મનુષ્યજાતિના ભાવિને દિવ્ય પ્રકાશથી જ્યોર્તિમય બનાવી દીધું છે. આ માટે શ્રી અરવિન્દના દેહત્યાગ પછી એમણે ત્રેવીસ વર્ષ સુધી દેહની ભૂમિકા ઉપર અતિમનસ પ્રકાશને ઉતારવાનું, એને સ્થાયી કરવાનું, અને પછી એને સક્રિય કરવાનું કાર્ય કર્યું છે.

આવું સાધના કાર્ય પૃથ્વી ઉપર ક્યારેય થયું ન હતું. આથી દેહના એક એક કોષને અતિમનસ ચેતના પ્રત્યે ઉદ્ઘાટિત કરવાનું કાર્ય તેમણે એકલાએ જ હવે કરવાનું હતું. તે ઉપરાંત સમગ્ર આશ્રમની વ્યવસ્થા, સાધકોની બાહ્ય અને આંતરિક જરૂરિયાતો પૂરી કરવાની સઘળી જવાબદારી, ઉપરાંત આશ્રમમાં ઊભી થતી આર્થિક તંગીનું નિવારણ, તેમ જ સાધકોની માનસિક, પ્રાણમય અને શારીરિક ચેતનામાં સર્જાતી મુશ્કેલીઓના ઉકેલ - આ બધી જ જવાબદારીઓ સાથે શ્રી માતાજીએ દેહકોષોને ભગવાનની પૂર્ણ શક્તિથી સંચારિત કરવાના હતા. શ્રી અરવિન્દને તો કોઈ જ જાતની બાહ્ય જવાબદારી નહોતી. આથી તેઓ બધો સમય આ સાધનામાંજ ગાળી શકતા. પરંતુ શ્રી માતાજી માટે એ શક્ય નહોતું અને છતાં તેમણે આ દિવ્ય રૂપાંતરનું મહાન કાર્ય કરવાનું હતું. શ્રી અરવિન્દે ચાળીસ વરસ સુધી એકધારી તપશ્ચર્યા કરીને અતિમનસ શકિતને દેહની ભૂમિકામાં ઉતારી તો આપી, પણ એથી કંઈ કાર્ય પૂરું થઈ ગયું નહોતું. એ તો શરીરના રૂપાંતર માટેનું પહેલું પગથિયું હતું. શરીરના એક એક કોષમાં અતિમનસ ચેતનાને કાર્યરત કરવાની હતી. તો જ કોષોનો ઘસારો, ક્ષયને અટકાવી શકાય. આ કોષોને દિવ્યશક્તિના તેજોમય સ્ફૂલ્લિંગ બનાવવામાં આવે તો જ કોષોનું મૃત્યુ થાય નહીં. આ વિષે માતાજીએ એક શિષ્યને વાર્તાલાપમાં કહ્યું હતુંઃ ''મારું શરીર રૂપાંતર માટેના પ્રથમ પ્રયત્નોને આપવામાં આવેલું છે. શ્રી અરવિન્દે મને આ કહ્યું હતું અને હું એ કરી રહી છું.''

# દિવ્ય-જીવન

- શ્રી અરવિન્દ

## ભૌતિકવાદ

પ્રકરણ - ૨

**સમજૂતી** - માનસિંહ ચાવડા

સાંખ્યવાદ અને ભૌતિકવાદ બંને જીવનને નકારે છે. પણ આપણે નક્કર જીવનમાં ભૌતિક પદાર્થને પણ અનુભવીએ છીએ અને પોતાની અંદર કામ કરતી ચેતનાને પણ. આ બંને વચ્ચે કોઈ સમન્વય કરવો જરૂરી છે. બંનેનો સ્વીકાર કરવો જરૂરી છે. બંનેનો સહયોગ મેળવીને જ જીવનને દિવ્ય જીવનમાં રૂપાંતર કરવું શક્ય બનશે. બૌદ્ધિક રીતે જુદાં લાગતા ચેતના અને પાર્થિવ તત્ત્વમાં કોઈ મૂળભૂત એકરૂપતા સાધવી જરૂરી છે. ભારતમાં આત્મતત્ત્વવાદીઓએ ભૌતિક જીવન તરફ દુર્લક્ષ કર્યું અને તેથી સમૃદ્ધ જીવન બાબતમાં તે નાદાર બન્યું. યુરોપમાં ભૌતિકવાદીઓએ ભૌતિક જીવનને મહત્ત્વ આપ્યું. તેથી ભૌતિક સમૃદ્ધિ મેળવી પણ તેમને આત્માની દરિદ્રતા મળી. ભારત લંગડું બન્યું અને યુરોપ આંધળું. બંનેના વિકાસમાં ઉણપ આવી. એકાંગિતા આવી. અસંતુલન નિર્માણ થયું.

આ અનુભવોથી વિશ્વ હવે કોઈ સમગ્ર જીવનને આવરી લેતાં, જેમાં આત્મા અને પાર્થિવ તત્ત્વનો પણ સમાવેશ થાય છે તેવા, કોઈ સંતુલનની, સમગ્રતાની અપેક્ષા રાખતું થયું છે તે જીવનનાં સર્વાંગી વિકાસની અપેક્ષા રાખે છે.

ભૌતિકવાદ ઈન્દ્રિયો દ્વારા મળતા જ્ઞાનનો જ આધાર લેવા માંગે છે. જે ઈન્દ્રિયોથી અનુભવાય, જણાય તે જ સાચું અને સત્ય કહેવાય. ઈન્દ્રિયોની કક્ષા બહારની કોઈ વસ્તુને માનવી એ અંધશ્રદ્ધા છે. ઈન્દ્રિયોની કક્ષા બહાર બધું જ

અજ્ઞેય છે. જાણવું શક્ય નથી. તેથી તેની ચિંતા છોડી ઇન્દ્રિયો મારફત મળતાં જ્ઞાનનો ઉપયોગ કરીને જીવનને વધારેમાં વધારે સુખી કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. વાસ્તવિક અનુભવાતું જીવન જ સાચું છે.

આ પ્રકારના ભૌતિકવાદનો ફાયદો પણ થયેલ છે. ભૌતિક શાસ્ત્રોની અગણિત શોધો અને તેથી ભૌતિક જીવનને મળેલી સુવિધાઓ તરફ આંખ મિચામણ ન કરી શકાય. તેણે ખોટી અંધશ્રદ્ધાઓને ધોઈ નાખી છે. અધ્યાત્મમાં પણ વૈજ્ઞાનિક અભિગમ વિકસાવ્યો છે. તેની અપૂર્ણતાઓ અને ઊણપો પણ સત્ય શોધનમાં પથદર્શક અને મદદગાર નીવડી છે. અધ્યાત્મને વધારે પડતું મહત્ત્વ આપી ભૌતિક જીવનને દુર્લક્ષ્ય કરતા એકાંગી અધ્યાત્મવાદને ફરી સંતુલિત કરવાનો પ્રયત્ન થયેલ છે. આ ભૌતિકવાદે સ્વીકારેલો અજ્ઞેયવાદ એ તો દરેક વિચારસરણીનો અંતિમ તબક્કો હોય છે. અધ્યાત્મવાદમાં પણ અંતિમ પરમસત્યને અનિર્વચનીય અને 'અવાંગ્મનસ ગોચરાઃ' જણાવે છે અર્થાત્ ઇન્દ્રિયોથી અતિત દર્શાવેલ છે. - 'ન ઇતિ ન ઇતિ' માર્ગ અપનાવ્યો છે. અજ્ઞેયવાદ ખરેખર એ જ કહેવા માગે છે કે તે વસ્તુનો અનુભવ થાય છે પણ તે શબ્દો દ્વારા યોગ્ય રીતે વ્યક્ત કરી શકાતો નથી. ચેતના તો તેને જાણી શકે જ છે.

જ્ઞાનાર્જનના વિવિધ સાધનો પૈકી તાદાત્મ્ય દ્વારા જ્ઞાન - knowledge by identity એવો એક પ્રકાર છે. આમાં હૃદય અર્થાત્ ચિત્ત વિષય સાથે તદ્રુપતા અનુભવે છે. અને તદ્રુપતા મારફત જ તેને તે વિષયનું આંતરિક જ્ઞાન મળે છે. એક વૈશ્વિક દર્શન દ્વારા પણ જ્ઞાન મળતું હોય છે. જેમાં બહારથી દેખાતા ભેદ અને વિરોધાભાસો હોવા છતાં તેની પાછળ રહેલી એકતાનાં દર્શન થતા હોય છે. આ જ્ઞાનાર્જનના સાધનો દ્વારા આપણે ભૌતિકવાદના ક્ષેત્રમાંથી બહાર નીકળીને વધારે સૂક્ષ્મ વાસ્તવિકતાઓને જાણી શકીએ છીએ.

જે અજ્ઞેય છે તે કાયમ માટે અજ્ઞાત જ રહેવાનું છે એવું અજ્ઞેયવાદનું કહેવું નથી. તે હાલના તબક્કે જાણી શકાતું નથી એટલું જ જણાવે છે. કેનોપનિષદમાં આ બધાં પ્રશ્નો ઉપસ્થિત કરીને તે અજ્ઞાત તત્ત્વને જાણવાનો પ્રયત્ન કરેલ છે. ભૌતિકવાદમાં જે તીવ્ર જ્ઞાનપિપાસા છે તે જ, ઈન્દ્રિયો અને બુદ્ધિની સીમા આવ્યા બાદ ત્યાંજ થંભી નહિં જાય પણ તે સીમાઓને પોતે જ ઓળંગી જશે. આવા પ્રયત્નોની શરૂઆત તો થઈ ગઈ છે. ઘણી વખત તો ભૌતિકવાદ

ઉપનિષદોની ભાષા બોલવા માંડે છે. શ્વેતાશ્વતર ઉપનિષદમાં ચેતનાને વિવિધ સ્વરૂપમાં પ્રકટ કરતો એકાત્મવાદ છે, તો આજનું ભૌતિકશાસ્ત્ર વિવિધ ભૌતિક વસ્તુઓમાં રહેલ વૈશ્વિક ભૌતિક પદાર્થનો એકાંતવાદ સ્વીકારે છે. આજે ભૌતિકવાદ જ જણાવે છે કે ભૌતિક પદાર્થો એ કોઈ અજ્ઞેય વૈશ્વિક શક્તિએ લીધેલાં વિવિધ રૂપો માત્ર છે. મન, પ્રાણ અને શરીર એક જ શક્તિનાં વિવિધ કક્ષાનાં આવિર્ભાવો છે એમ આજે વૈજ્ઞાનિકોને લાગવા લાગ્યું છે.

ઉપનિષદો પદાર્થોમાં સુપ્ત રહેલ આત્મતત્ત્વ જે તેની લીનાવસ્થા છે એવું માને છે અને તે પદાર્થ મારફત જ તે આત્મતત્ત્વ, શરીર, પ્રાણ અને મન તરીકે આવિર્ભાવ પામ્યું છે એમ જણાવે છે.

આજે ભૌતિકવાદ પણ મૃત્યુ ઉપર વિજયનું સપનું સેવી રહ્યો છે અને અધ્યાત્મવાદ તો તે સપનું પહેલેથી જ સેવે છે.

માનવ ધારે તે કરી શકે છે એવી ધારણા ભૌતિકવાદ માને છે અને અધ્યાત્મવાદ પણ આત્મતત્ત્વની સર્વસમર્થતા સ્વીકારે છે. માનવ મારફત પ્રકટ થતી ચેતના જ પોતાને વધારે પ્રકટ કરવા સામૂહિક ચેતનાનો ઉપયોગ કરે છે. ચેતના પોતે નિરાકાર હોવા છતાં તે સાકાર થવાની ક્ષમતા ધરાવે છે. આવી ચેતનાનું પ્રતીક પાણી ને ગણવામાં આવે છે. પાણીને પોતાનો આકાર નથી પણ તે જે પાત્રામાં હોય તે પાત્રનો આકાર ધારણ કરવાની તેની ક્ષમતા છે. તેથી જ ચેતનાને 'નારાયણ' કહે છે. નારા એટલે પાણી અયન એટલે ફેલાવું, પાણીની જેમ આ ચેતના બધે જ ઓતપ્રોત થઈને ફેલાએલી છે.

ભૌતિકવાદ જ્યાં માનવના બાહ્ય સ્વરૂપનું જ્ઞાન મેળવે છે અને અધ્યાત્મ જ્યાં આંતિરક સ્વરૂપનું, ત્યારે આ બાહ્ય અને આંતરિક સ્વરૂપની ભેદરેખા ધીમે ધીમે ભૂંસાતી જઈ રહી છે. આંતરિક સ્વરૂપનું જ પ્રતિબિંબ બાહ્ય સ્વરૂપ હોય છે. આ ભેદ રેખા નષ્ટ થતાં જ ભૌતિકવાદની સીમાઓને આપણે ઓળંગી જશું એ નિશ્ચિત. માનવસ્વરૂપ દ્વારા આવિર્ભાવ પામતા આપણા દૈવી સ્વરૂપ અને દિવ્યજીવનનો તેને અનુભવ થવા માંડશે.

ભૌતિકવાદે પોતાનું દૈવી કાર્ય કરીને ભૌતિક અને આધ્યાત્મિક જીવનમાં સંતુલન પેદા કર્યું છે. હવે તે દૈવી જીવનનું વિરોધી રહ્યું નથી. પણ દૈવી જીવનને એક મજબૂત આધાર આપતું બની ગયું છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# વિશ્વમાં પોતાનું સ્થાન

(માતૃવાણી ભા.-૨, પૃ.૨૨૮-૨૩૪) (૧૮ જૂન ૧૯૧૨)

પ્રકરણ - ૨૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

### ૧૪ મે ૧૯૧૨ની સભા

પ્રશ્ન : વિશ્વના કાર્યમાં મારું સ્થાન શું છે?

જવાબ : દરેક માટે વિશ્વમાં એક ખાસ સ્થાન છે. તેની જગ્યા બીજો લઈ શકતો નથી. તે માટે પ્રભુએ દરેકમાં પોતાનો ખાસ વ્યક્તિગત સંકલ્પ મૂકેલો છે. તેને અનુરૂપ બાહ્ય-જીવનમાંનું કાર્ય કરવાનું સ્થાન એ તમારું ખાસ સ્થાન છે. પણ તેનું સ્પષ્ટ-જ્ઞાન અર્થાત્ જીવન-હેતુ બધાને જ ખબર પડતો નથી. તે આંતરિક-યોગથી જ જાણી શકાય છે. તે માટે રોજ થોડો સમય નિસ્વાર્થ-કાર્યમાં ગાળો જેમાં બીજાનું કલ્યાણ છે. તમે માન - સન્માન, પ્રસંશા, કીર્તિ કે અન્ય વળતરની અપેક્ષા ન રાખો.

તે મૂળ જીવનનો ઉદ્દેશ ન ખબર પડે ત્યાં સુધી કામચલાઉ કોઇ નિર્ણય લેવો પડશે. તે બે વસ્તુના આધારે લેવો પડે છે :

૧ આપણી હાલની ક્ષમતાઓ અને વિશેષતાઓ.

૨ આપણામાં રહેલ શુભ-સંકલ્પ, બેની મદદથી પ્રાપ્ત સામાજિક-પરિસ્થિતિમાં શું કરી શકાય, તે મુજબ જીવનધ્યેય નિશ્ચિત કરો. પછી તેમાં સંનિષ્ઠા અને ખંતથી લાગી જવાનું. ધીમે ધીમે તમારા વિકાસ સાથે તમારી ચેતના બધા માટે વધુ પ્રેમાળ અને વિશાળ થશે. ફરજો

વધતી જશે, ફરજોનું સ્વરૂપ વધુ સ્પષ્ટ થશે. આપણી પ્રકૃતિ, કાર્યની દિશા નિશ્ચિત કરશે. તેની દ્વારા આપણું ચારિત્ર્ય અને આંદોલનો પ્રગટ થશે. તમારું નિશ્ચિત-વલણ અને આદર્શ બંધાશે.

પ્રથમ ભૂલ : તમારા કાર્યને એકીધડાકે નિશ્ચિત-ગહેરાઇ અને વિશાળ-વિસ્તાર સાથે પૂરું કરવાની ખેવના રાખવી, પણ તે અવ્યવહારુ છે. તેનો ક્રમશઃ વિકાસ નૈસર્ગિક રીતે થવા દો.

બીજી ભૂલ : પોતાની સુષુપ્ત ક્ષમતાઓની કિંમત, ગુણવત્તા ઓછી આંકવી, તેથી તમે નિમ્નકક્ષાનું કાર્ય સ્વીકારશો જે તમારી આંતર- જ્યોતિને પોતપોતાના માટે માનેલી સંકુચિત મર્યાદાઓથી ઠારી નાખશે.

કાર્ય કરવામાંની મુશ્કેલીઓ અને તમારી ક્ષમતાઓની કક્ષાને અનુરૂપ મધ્યમ માર્ગ સ્વીકારો. કામ પ્રદર્શન વૃત્તિથી ન કરો. આત્મશ્લાઘા ન કરો. બીજા, સચ્ચાઇભર્યા દેખાડા ના કરો. મહાન બનવાનું સ્વપ્નું ન સેવો.

એવું વિચારો, પ્રભુને મારી મારફત ખાસ રૂપે પ્રગટ થવું છે. તેને સિદ્ધ કરનારી શક્તિ મારામાં છે. તે જ બીજામાં છે, પણ બીજી ક્ષમતા તરીકે પ્રગટ થઇ છે. મારે મારું કામ કરવાનું છે. આ સહજતાથી અહંકારનું નિર્મૂલન કરો. દિવ્ય-વ્યક્તિ તરીકે પ્રગટ થાઓ, ત્યારે જ વિશ્વ-શક્તિઓનાં સંપર્કમાં આવશો. પાણીની સરવાણીની જેમ તેની મદદથી સહજ રીતે કાર્ય કરો. કોઇ પ્રયત્ન બાકી રાખશો નહિ. તમારા કાર્યમાંથી તમને સાહજિક આનંદ પ્રગટતો લાગશે, તેને માણતા શીખો.

## ૨૧ મે ૧૯૧૨ની સભા

પ્રશ્ન : નિસ્વાર્થ - કર્મ કરવામાંનું મોટામાં મોટું વિઘ્ન કયું છે ?

જવાબ : હાલમાં સો ટકા નિસ્વાર્થ કર્મ કરવું લગભગ અશક્ય છે. તેનું મુખ્ય કારણ આપણા ભૌતિક-તત્ત્વની અપૂર્ણાવસ્થા. તે હજી પૂર્ણ વિકસિત થએલ નથી. આપણે ધારણ કરી રાખેલ ચેતના અને જ્ઞાનની પૂર્ણતાને આપણે આ અપૂર્ણ-દેહ દ્વારા અભિવ્યક્ત નહિ જ કરી શકીએ; તેથી જ

જડ પદાર્થનું, શરીરનું રૂપાંતર કરવું એ આપણું લક્ષ્ય રહે છે. ભૌતિક-શરીરની અપૂર્ણતાઓ આપણને સાધનામાંની મુશ્કેલીઓ તરીકે અનુભવાય છે.

આ અપૂર્ણતા બે કારણે છે. સર્વ સામાન્ય જગતની જ અપૂર્ણતાઓ અને બીજી આપણી વ્યક્તિગત અપૂર્ણતાઓ.

સર્વ સામાન્ય કારણ એ છે કે જે દિવ્ય-શક્તિઓને શરીર મારફતે પ્રગટ થવું છે, તે શરીરમાં જ તેની બાબતની ગ્રહણશીલતા ઓછી છે અથવા નથી. શરીરમાં ખુલ્લાપણાનો અભાવ છે. વ્યક્તિગત કારણ છે : વ્યક્તિના અહંભાવને કારણે રચાએલી વ્યક્તિગત અપૂર્ણતાઓ. આ અહંભાવને લીધે બે વૃત્તિઓ જન્મી છે. એક, સ્વતંત્ર વ્યક્તિતા છતાં બધી વસ્તુઓ સાથે એકરૂપ થવાની અભાનવૃત્તિ. વિશાળ થવાની અભાનવૃત્તિ જ અજ્ઞાનને કારણે સ્વામિત્વના સ્વરૂપમાં પ્રગટ થઇ છે. બધી વસ્તુઓ પોતાના માટે મેળવી લેવાની ઇચ્છાસ્વરૂપે તે વ્યક્ત થઇ છે. આ વૃત્તિને આપણે અજ્ઞાનમય એના માટે કહીએ છીએ કે તેમાં પોતાની ચેતનાને વિસ્તારી વસ્તુમાત્ર સાથે એકરૂપ થવાની સાચી પ્રક્રિયાને બદલે વસ્તુઓને જ પોતાની પાસે અહંકારથી ખેંચી પોતાની માલિકીની બનાવવાની અજ્ઞાનમય વૃત્તિ નિર્માણ થઇ છે.

બીજી વૃત્તિ છે તે પ્રથમ વૃત્તિના પરિણામસ્વરૂપ છે. તેમાં વ્યક્તિ પોતાનું અલગ અસ્તિત્વ ટકાવી રાખવા માગે છે. બધાં સાથે સંવાદિતામાં રહેવાથી પોતે પોતાનું વ્યક્તિત્વ ખોઈ ન બેસે તેને તેવો ભય લાગે છે. આપણે આપણા સ્વરૂપનાં તત્ત્વો ઉપર પોતાનો વ્યક્તિગત હક્ક જમાવવા માગીએ છીએ, પણ હકીકતમાં બધાં તત્ત્વો વૈશ્વિક-તત્ત્વોના જ અંશમાત્ર હોવાથી તેમની સાથે જોડાએલા રહીએ છીએ.

આપણે વિશ્વ-પ્રકૃતિના વિવિધ-સ્વરૂપો વચ્ચે એક સાંકળ બની રહેવું જોઇએ. શક્તિનો સ્વીકાર અને તેનો ઉપયોગ કરતા શીખવું પડશે. જે ઝીલ્યું તેને પસાર થવા દેવું પડશે. તો જ તમારા ખાલી પાત્રમાં તેને

(અનુ.પૃ.૧૯ ઉપર)

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## જગત અને જીવન : એક અકસ્માત

પ્રકરણ-૧૭

(Savitri B-1, C-4, P-55-56)

A consciousness that knows not its own truth.
A vagrant hunter of misleading dawns,
Between the being's dark and luminous ends
Moves here in a half-light that seems the whole:
An interregnum in Reality
Cuts off the integral Thought, the total Power;
It circles or stands in a vague interspace.
Doubtful of its beginning and its close.
Or runs upon a road that has no end;
Far from the original Dusk, the final Flame
In some huge void Inconscience it lives.
Like a thought persisting in a wide emptiness.

આપણી ભૌતિક-ચેતના, પ્રાણમય-ચેતના અને મનોમય-ચેતના અધૂરી ચેતનાઓ છે અને તેથી પોતામાં પાયાભૂત રહેલ સત્યને તેઓ જાણતાં હોતાં નથી. ક્યાંક થોડોક પ્રકાશ અને ઉઘાડ (dawns) તેમને દેખાય કે તરત તે જ તેમનું અંતિમ સત્ય છે એમ સમજી, તેની પાછળ દોડે છે. ભટકતો શિકારી જેમ (vagrant hunter) સામે દેખાય તે શિકારની પાછળ પડી જાય તેમ, ભાગતો

ફરે છે. તેને મેળવવા ઉતાવળો થાય છે, તેવી આ ઘટના હોય છે; પણ બધા પ્રકાશનાં સ્તરો તેના પોતાના અસ્તિત્વનાં જ અંધારિયાં સ્તરોથી માંડીને અજવાળિયાં સ્તરો વચ્ચેના અંતરિયાળ પ્રકાશ-સ્તરો માત્ર હોય છે. ઉપરોકત ચેતનાઓ તો આવા અર્ધ-પ્રકાશિત સ્તરોમાં જ આવાગમન કરતી હોય છે અને તેમના તે અલ્પાંશ જગતને જ તેઓ સમગ્ર બ્રહ્માંડ સમજતા હોય છે. તેઓ જાણતા નથી કે તેમની ઉપર અને નીચે અનંત વિસ્તાર બ્રહ્માંડનો ફેલાયેલો છે જેમની તેને તસુમાત્ર પણ કલ્પના નથી. આ વચગાળાનાં સ્તરો તો એવાં હોય છે કે જેના ઉપર નથી પ્રકાશનો પૂર્ણ પ્રભાવ કે નથી અંધકારનો પૂર્ણ પ્રભાવ (interregnum) રાજવંશના રાજા હતા તે ગુજરી જાય અને રાજકુમારનો હજી રાજ્યાભિષેક થયો નથી તેવી તે પ્રવાહી સ્થિતિ હોય છે. તે તો સમગ્ર વિશ્વશક્તિનાં અનંતરૂપો પૈકી એક રૂપ માત્ર હોય છે અથવા સુસંવાદી વૈશ્વિક આયોજનનો (Thought) એક સ્તરનો વિસ્તાર માત્ર હોય છે. માનવી-અસ્તિત્વમાં સક્રિય મન, પ્રાણ, પાર્થિવતત્ત્વ એ તો શુદ્ધ સ્તરોની સેળભેળનો એવો ધૂસર અંતરિયાળ પ્રદેશ માત્ર છે (vague interspace) જેણે મૂળશુદ્ધ સત્યને ઢાંકી રાખ્યું છે. (circles) આ એવો પ્રદેશ છે એ ક્યાંથી શરૂ થાય છે અને ક્યાં પૂરો થાય છે તેની કોઈ સ્પષ્ટ સીમારેખા આંકી શકાતી નથી અથવા આ પ્રદેશ એવો ચેતનાના વિકાસનો વાંકોચૂકો માર્ગ છે- જાણે તેનો કોઈ અંત જ દેખાતો નથી ! આ પ્રદેશ મૂળ અચિત્‌ના પ્રદેશથી (Dusk) ઘણા ઉપરનો પ્રદેશ છે અને છતાં જે મૂળ દિવ્યચેતના (Final Flame) અને તેના પ્રકાશમય પ્રદેશના વચ્ચેનો પ્રદેશ છે. આ સમગ્ર અવકાશી વિસ્તારમાં (Void) જાણે અચિત્‌ પથરાઈને પડેલું છે. તેમાં તે ભૌતિક ચેતનાનો પ્રદેશ આવેલો જણાય છે અને તે સ્તર જાણે એક છૂટાછવાયા વિચાર જેવો લાગે છે, જે પોતાને ટકાવવા મથી રહ્યો છે (persisting) (અર્થાત્‌ જડ નિર્જીવ દેખાતા પદાર્થોના વિશાળ ક્ષેત્રમાં મનોમય ચેતના ધરાવતો માનવ એટલે એક નગણ્ય અસ્તિત્વ જેવો લાગે છે)

As if an unintelligible phrase

Suggested a million renderings to the Mind.
It lends a purport to the random world.
A conjecture leaning upon doubtful proofs.
A message misunderstood, a thought confused
Missing its aim is all that it can speak
Or a fragment of the universal word.

આ વિવિધતાપૂર્ણ અસ્તિત્વના મહાસાગરમાં માનવનો અસ્તિત્વનો હેતુ હજી સમજાયો નથી. તે એક એવો શબ્દસમૂહ બની ગયો છે જેનો અર્થ દુર્બોધ (unintelligible) લાગે છે. તેના અસ્તિત્વના હેતુ બાબત મન અનેક કારણો આપે છે (renderings). આ અસ્તવ્યસ્ત દેખાતા (random) જગતને તે કોઈ હેતુથી બાંધવા મથે છે (purport) પણ ખરેખર તો તે એક અંદાજ જ (conjecture) હોય છે અને તેનાં જે કારણો અપાય છે તે પણ સંદિગ્ધ જ હોય છે. શંકા લઈ શકાય એવા હોય છે. ખરેખર તો કુદરતે આપેલ સંદેશને ખોટી રીતે સમજવામાં આવેલો હોય છે. તેણે જે સંવેદનો જગાડ્યાં હોય છે તેમાં તે ગૂંચવાઈ ગયેલો હોય છે. સ્પષ્ટતા હોતી નથી. અંતે થાકીને જણાવે છે કે ખરેખર આ સાચો હેતુ જાણવામાં તે અસફળ થયો છે અથવા તેને સમજણ છે તે પૂરેપૂરી નથી. તે વૈશ્વિક હેતુનો એક અલ્પાંશ જ લાગે છે. (fragment of the universal word)

It leaves two giant letters void of sense
While without sanction turns the middle sign
Carrying an enigmatic universe.
As if a present without future or past
Repeating the same revolution's whirl
Turned on its axis in its own Inane.

વિશ્વ ક્ષણેક્ષણે બદલાઈ રહ્યું છે એ વાસ્તવિકતા છે. તેને પણ ભૂતકાળ છે (P) તેને વર્તમાન કાળ પણ છે (P) તેને ભવિષ્યકાળ પણ છે (F). આમ, સતત

તે P...P.... F માંથી પસાર થતું લાગે છે પણ ચિંતકને આ વિશ્વનો હેતુ જ ખબર ન પડવાથી તે ત્રણેમાંથી પસાર થતી સુસૂત્રતાની રેખાને તે પકડી શકતો નથી તેથી તેના મતે પ્રથમ P અને અંતનો F નિરર્થક બની જાય છે (void of sense) અસંબંધિત બની જાય છે. ફક્ત વર્તમાન જીવનમાં જ કેમ સુખી થવું તેની ઉપાધિમાં માનવ પડી જાય છે.

પણ તેને એ પણ જણાય છે કે તેની જાણ બહાર ભૂતકાળ પ્રથમ અને ભવિષ્યકાળનો (F) પરિણામ તો મધ્યસ્થ (middle sign) વર્તમાનકાળ ઉપર, વચલા (P) ઉપર પડતો તે અનુભવે છે, પણ શા માટે તે પરિણામ પડે છે તેની ગૂઢતા તે ઉકેલી શકતો નથી (without sanction) અને તેને એમ લાગે છે કે આ વિશ્વ ખરેખર ગૂઢ કોયડારૂપ જ (enigmatic) લાગે છે. ઘણી વખત તો તેને લાગે છે કે પોતે ભૂતકાળ અને ભવિષ્યકાળને વર્તમાનકાળ સાથે જોડે છે તે ભ્રમ કે તેની ગેરસમજ છે. ખરેખર તેમની સમીપતા એક ઘટનામાત્ર છે. તેમનો કાર્યકારણ જેવો કોઈ સંબંધ જ નથી. આ વિશ્વને નથી ભૂતકાળ, નથી ભવિષ્યકાળ; તે અનંત, અસંબંધ, ઘટનાઓ અને વસ્તુઓનો ખીચડો માત્ર છે અને ઘટનાઓનું જાણે એક મોટું વમળ તૈયાર થયું છે અને તે જ ઘટનાઓ ઝડપભેર પ્રગટ થાય છે અને વિલીન થાય છે અને તે પણ ફરી પ્રગટ થવા જ. તેમનાં આ પુનરાવર્તન અને ફેરા (revolution's)નો કોઈ જવાબ માનવ પાસે નથી. જાણે વિશ્વ ભમરડાની જેમ પોતાની ધરી ઉપર અવકાશમાં (Inane) ભમરિયાં ખાઈ રહ્યું છે અને તેને તે જ ઘટના વારંવાર પ્રગટ કરી રહ્યું હોય એમ લાગે છે.

જે લોકો ફકત ભૌતિક-ચેતનામાં જ જીવે છે, તેમને માટે જગતની રચના એક અકસ્માત માત્ર છે અને જીવન પણ તેવો જ એક અકસ્માત છે, જેમાં કારણ વગરની અનેક આકસ્મિક ઘટનાઓ બનતી જ રહે છે. ડહાપણ એમાં છે કે આના આપણે ભોગ ન બની જતા શક્ય એટલું જીવનને વધારે ને વધારે સુખશાંતિમય બનાવીએ.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

## ચેતનાનું કાર્ય

(ભા.-૧, પૃ.૨૫૯-૨૬૨)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માનવ માનસિક સ્તરે જીવે છે. પોતાના સ્વરૂપમાંની અલગ-અલગ ભૂમિકાઓ અને વિભાગોને સમજતો ન હોવાથી તે બધાને પોતાનું 'મન' તરીકે ઓળખે છે. તેને ન સમજવામાં ઊંડો રસ પણ નથી. કારણ તે જ્ઞાન તેને તેના વ્યવહારિક-જીવનમાં અગત્યનું અને ઉપયોગી લાગતું નથી. તે શરીરને મહદંશે પોતાનું સ્વરૂપ ગણે છે.

શાસ્ત્રોમાં શરીરને ભોગાયતન કહ્યું છે. આયતન એટલે સાધન અથવા કાર્ય કરવાનું કાર્યક્ષેત્ર. ભોગ એટલે સુખ-દુઃખ વગેરે અનુભવો. તંત્રમાં શરીરને 'આધાર' ગણ્યો છે. તે ચેતનાની ઉત્ક્રાંતિનો પાયો છે. તેના આધારે ચેતના વિકસે છે. જ્યાં સુધી ભૌતિક-શરીર છે ત્યાં સુધી જ ચેતનાનો વિકાસ થાય છે. તેથી ભૌતિક-જીવનને કર્મ-યોનિ કહી છે. તેમાં કર્મો અને પ્રયત્નો કરીને ચેતનાનો વિકાસ સાધી શકાય છે.

પણ જેમ મોટર-ચાલકને મોટરનું તાંત્રિક જ્ઞાન હોવું જરૂરી છે - તેનો પ્રત્યેક ભાગ શું કામ કરે છે ? કેવી રીતે કરે છે ? બરાબર ન કરે તો કઈ સમસ્યાઓ નિર્માણ થાય છે ? તે જાણવું જરૂરી છે. તેમ શરીરરૂપી આ ચેતનાના વાહન બાબત પણ જો ખરેખર યોગ નિર્વિઘ્ન રીતે કરવો હોય તો જાણી લેવું જરૂરી છે.

આધુનિક વિચારવંતોને લાગે છે કે ચેતના એટલે બાહ્ય અથવા આંતિરક-પરિસ્થિતિ પ્રત્યે પોતાનો પ્રત્યાઘાત દર્શાવે છે તેવું તત્ત્વ. પણ આનો અર્થ એવો થાય છે કે જ્યારે ચેતના કોઈ પ્રત્યાઘાત દર્શાવતી જ નથી, ત્યારે ત્યાં હોતી જ નથી. પણ આ તો આપણા દૈનંદિન જીવનનાં નીચેના અનુભવોથી વિરુદ્ધ જાય છે :

૧. ગાઢ સુષુપ્તિમાં આપણી ચેતના સ્વલીન હોય છે. કોઈ પ્રત્યાઘાત

દર્શાવતી નથી, પણ તે આનંદનો અનુભવ લેતી હોય છે.

૨. નીરવ-મનમાં મનના કોઈ પ્રત્યાઘાતો હોતા નથી.

૩. સમાધિમાં મન, પ્રાણ, શરીર ત્રણેનાં પ્રત્યાઘાતો હોતા નથી.

૪. માનવ અસીમ વિશ્વચેતનામાં આરોહણ કરે છે ત્યારે તે ચેતના તદ્દન નિર્લેપ અને અસંગ, પ્રત્યાઘાત ન દર્શાવતી લાગે છે છતાં ચેતનાનો પ્રત્યક્ષ અનુભવ માનવને થાય જ છે.

સારાંશ, ચેતના કોઈ વસ્તુ ઉપર આધાર રાખતી નથી. તે સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. તે સક્રિય જ હોય છે, પ્રત્યાઘાત જ દર્શાવતી હોય છે તેમ પણ નથી. તે નિષ્ક્રિય અને સ્વસભાન હોઈ શકે છે. આપણા બાહ્યમનને તે જણાતી ન હોય તો પણ અસ્તિત્વ તો ધરાવે જ છે.

ચેતના ફક્ત સભાન જ નથી પણ તે એક સર્જનાત્મક-શક્તિ છે. પોતાના આવિર્ભાવ માટે તે સર્જનો કરે છે. તેમને વિકસાવવા આયોજન કરે છે. આવા આયોજનના પરિણામ સ્વરૂપ જ ઉત્ક્રાંતિ થતી હોય છે.

ચેતનાનો જે જ્ઞાનમય ભાગ આ આયોજન કરે છે તેને જ પ્રજ્ઞા કહેવાય છે. તે સર્વજ્ઞ છે. તેનું આયોજન પૂર્ણ અને સફળ જ હોય છે. પણ તે ઉત્ક્રાંતિ દ્વારા જ પોતાનું આયોજન સફળ કરે છે, એ તેણે પોતે જ પોતાની માટે સ્વેચ્છાએ સ્વીકારેલી મર્યાદા અને ધારાધોરણ છે. આમ, ચેતના સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે તેથી સત્‌સ્વરૂપ છે. તે પોતાના આવિર્ભાવ માટે આયોજન કરે છે, તેથી ચિત્‌-સ્વરૂપ છે (એક સર્જન-શક્તિ) અને તેના આ આયોજનનો ઉદ્દેશ પોતાના આંતરિક અવ્યક્ત આનંદને વ્યક્ત કરવાનો છે, તેથી તે આનંદસ્વરૂપ પણ છે.

તે સત્‌-ચિત્‌-આનંદસ્વરૂપ છે. આધુનિક વિચારવંતો મનને અને ચેતનાને એકરૂપ જ ગણે છે. ખરેખર મનોમય-ચેતના એ સમગ્ર ચેતનાના વિવિધ સ્તરોમાંનું એક સ્તર માત્ર છે. પણ તે હાલમાં માનવ દ્વારા વધારે પ્રમાણમાં પ્રગટ થતું હોતું હોવાથી આવી ગેરસમજ થવી શક્ય છે. મનની ઉપર પણ ચેતનાનાં સ્તરો છે, જે સ્તરે મન પહોંચી જ શકતું નથી. (યન્‌ મનસા ન મનુતે)

મનોમય-ચેતના માટે આવા અજાણ પ્રદેશો ઉપર પણ છે અને નીચે પણ છે. ઉપરનાં સ્તરોને આપણે અક્ષરચેતના, અધિમનસ અને અતિમનસ ચેતનાનાં સ્તરો કહીએ છીએ. નીચેનાં સ્તરોને અવચેતન અને અચેતનનાં સ્તરો. ગૌતમ બુદ્ધ જે ચેતનાને શૂન્ય કહેતા તે જ ગીતાની અક્ષરપુરુષની ચેતના છે. તે નિરાકાર

અને અસીમ હોવાથી શૂન્ય જેવી ભાસે છે. વેદોમાં તેને 'તત્' કહે છે. સાક્ષીપુરુષ, દૃષ્ટા વગેરે શબ્દોથી વર્ણવે છે તેની ઉપરની ચેતનાને અતિમનસ-ચેતના કહે છે, તેને વેદો વિજ્ઞાનમય-ચેતના કહે છે અથવા 'ઉપરિબુધ્ન' ચેતના કહે છે. તેને પરા-ચેતના પણ કહે છે. અધિમનસ એ મનોમય ચેતનાનો સહુથી ઉપરનો સ્તર છે જે હજી માનવી મનોમય-ચેતનામાં પ્રગટ થએલ નથી. માનવી-મન તર્કબુદ્ધિના સહારે જીવનનાં નિર્ણયો લે છે પણ અધિમનસ કક્ષાએ આંતરપ્રેરણા દ્વારા નિર્ણય લેવાય છે. આંતરપ્રેરણા સદા સત્ય જ હોય છે, તેથી સંચાલિત જીવનમાં ભૌતિક-તત્ત્વ પણ દિવ્ય અને અવિકારી હોવાથી આ દૈવી-સત્યો જન્મમરણની પ્રક્રિયાથી બંધાયેલાં હોતાં નથી ફક્ત આત્માના પ્રકાશમાંથી જ પોષણ મેળવે છે (દેવાઃ જ્યોતિઃ અશુમહિ) તેથી તેમનું સામર્થ્ય અગણિત હોય છે. તેઓ પરમ-ચેતનાના આયોજનથી માહિતગાર હોય છે અને તેને અનુસરી જગતના વિકાસમાં મદદરૂપ થતાં હોય છે. તેથી વેદો તેમને 'વિશ્વદેવો' કહે છે, વિશ્વના વિકાસનું સંચાલન કરનાર દેવો તરીકે વર્ણવે છે.

ચેતનાની વૈશ્વિક અને વ્યક્તિગત બન્ને કક્ષાઓ હોય છે. ચેતના અવ્યક્ત અને વ્યક્ત પણ હોય છે. તે સક્રિય અને નિષ્ક્રિય પણ હોય છે. તે સાકાર અને નિરાકાર પણ હોય છે. તે બહુસ્તરીય વાસ્તવિકતા છે. તે એક શક્તિ પણ છે અને અસ્તિત્વ પણ છે.

---

(અનુ.પૃ.૧૨ ઉપરથી) **માતૃવાણી**

ભરી દેવા નવા પ્રવાહો આવશે. આમ, મુક્ત રીતે શક્તિ-વિનિમય ચાલતો રહેશે. આમ, આપણું સ્વરૂપ વિશિષ્ટ પ્રકારનું હોવા છતાં વિભાજીત નથી. વિશ્વપ્રકૃતિથી અલગ અને સંપર્કવિહોણું નથી. આપણને વિવિધતા માન્ય છે, વિભાજન નહિ. આપણે સાંકળની ખાસ કડી હોવા છતાં સાંકળનો અવિભાજ્ય ભાગ છીએ.

તો પછી પ્રશ્ન થાય છે કે વિવિધતા શા માટે છે ? આપણે સમષ્ટિ, વૈશ્વિક- શરીરના એક શારીરિક-કોષ જેવા છીએ, તેથી આપણે જેટલા નિર્વૈયક્તિક બની કાર્ય કરશું તેટલા પ્રમાણમાં આપણો ભાગ વધુ બળવાન અને સુરેખાંકિત થશે. તે વિશિષ્ટતા એ જ આપણું વ્યક્તિત્વ છે. આપણે દિવ્ય-ચેતનાને તે વિશિષ્ટ-વ્યક્તિત્વ દ્વારા પ્રગટ કરવાની છે, છતાં તે દિવ્ય-તત્ત્વ બધાં જ રૂપો દ્વારા પ્રગટ થઈ રહ્યું છે.

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

## પ્રાચીન યોગીઓનો યોગ વિષે દૃષ્ટિકોણ

પ્રકરણ - ૨૧

(પૃ.૧૧૫)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 There are different statuses of the Divine Consciousness. There are also different statuses of transformation. P. 118

2 In the psychic transformation... all is in contact with the Divine through the individual psychic consciousness. P. 118

3 In the spiritual transformation... all is merged in the Divine in the cosmic consciousness. P. 118

4 In the supramental transformation all becomes supramentalised in the divine gnostic consciousness. P. 118

5 It is only with the latter (that is second spiritual transformation) there can begin the complete transformation of mind, life and body... P. 118

6 You are mistaken in two respects ' (1) The endeavour towards this achievement is not new. (2) Secondly, the supramental transformation is not the same as the spiritual-mental. It is a change of mind, life and body which the mental or over mental-spiritual cannot achieve. P. 118

7 One can be an instrument of the Divine in any of the transformations. P. 118

8 The Paramhansa is a particular grade of realisation. P. 119

9 In my Yoga all vital movements - if they conflict with the psychic or spiritual control, they upset the balance and prevent the forming of the base of transformation. P. 119

સમગ્ર ચેતનાનું ફલક ખૂબ જ સંકુલ છે. તેમાં ચેતનાના વિવિધ પ્રકારો, કક્ષાઓ એકબીજામાં પ્રવેશીને રહેલી છે. કારણ, અંતે તો તે એક જ પરમ-ચેતના છે જે સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે. તેનું વિશ્વાતીત સક્રિય શક્તિ-સ્વરૂપ એટલે જ અતિમનસ. તેમાં વ્યક્તિ-ચેતના એ વૈશ્વિક-ચેતનાના અંશ તરીકે જ એકરૂપ થઈને રહેલી હોય છે. સત્,ચિત્-આનંદ સ્વરૂપ ચેતના અને અતિમનસ ચેતના આ બંને તબક્કા સનાતન સ્વરૂપનાં છે, સ્વયંસિદ્ધ છે. તે બંને રૂપાંતરની પ્રક્રિયાથી ઊર્ધ્વમાંના પ્રદેશો છે. તે પછી નીચે રૂપાંતર કરવાનાં ક્ષેત્રો આવે છે. તેના જ પર્યાયી શબ્દો છે વૈશ્વિક-ચેતના, આધ્યાત્મિક-ચેતના (Cosmic or Universal and Spiritual consciousness) અને આ કક્ષાએથી જ તેનાથી જુદું પડેલું ચૈતસિક સ્વરૂપ છે. જેનો પર્યાયી શબ્દ છે વ્યક્તિગત ચેતના. આ બંને વૈશ્વિક અને વ્યક્તિગત ચેતનાની વળી અર્ધવિકસિત વચગાળાની અવસ્થાઓ હોય છે, જેને વ્યક્તિગત અને વૈશ્વિક આંતરપ્રેરણાત્મક મનથી માંડી સ્થૂળ શારીરિક ચેતના સુધીની કક્ષાઓ છે. અંતે આવે છે જડતત્ત્વ, જેમાં અવચેતન અને અચેતનનો સમાવેશ થાય છે. (પૃ. ૨૩ ઉપર ચેતનાના ફલકનો ચાર્ટ આપેલ છે :)

રૂપાંતરની પ્રક્રિયામાં પ્રથમ વ્યક્તિગત અને તેની દ્વારા વૈશ્વિક રૂપાંતર થાય છે. પ્રથમ વ્યક્તિચેતનાનું અર્થાત્ ચૈતસિક રૂપાંતર થાય છે તેમાં પણ વ્યક્તિગત ચેતનામાંની ઉપરની કક્ષાથી માંડી (આંતરપ્રેરણાત્મક ચેતનાથી વ્યક્તિગત અવચેતન સુધીની) નિમ્નત્તમ કક્ષા સુધીનું રૂપાંતર થયા સિવાય કોઈપણ વ્યક્તિગત કે વૈશ્વિક કક્ષાઓનું પૂર્ણ અને સ્થાયી રૂપાંતર શક્ય નથી. વિશેષતઃ પ્રાણતત્ત્વનું રૂપાંતર ન થાય તો તે બધાં તત્ત્વનાં સંતુલનને બગાડી નાખે છે અને તેથી રૂપાંતરના પાયાને જ હચમચાવી નાખે છે.

ચૈતસિક રૂપાંતરમાં ચૈત્યપુરુષ પોતાની વ્યક્તિગત પ્રકૃતિને શુદ્ધ દિવ્ય કરીને તેમને (મન, પ્રાણ, શરીરને) પોતાના જ કરણો તરીકે અથવા પોતાનો જ વિસ્તરિત ભાગ તરીકે વિકસાવે છે, ત્યારે જ તે ચૈતસિક રૂપાંતર પૂરું થયું ગણાય છે. પણ આ રૂપાંતરમાં ચૈત્યપુરુષનો વ્યક્તિ તરીકેનો ભાવ કાયમ રહે છે અને

આમાં સાધના કરતી વખતે કર્મયોગીનાં ચેતનાનું સક્રિય પાસું જ અગ્રભાગે હોય છે અને જ્ઞાનયોગીમાં ચેતનાનું નિષ્ક્રિય પાસું આગળ હોય છે. છતાં પણ સર્વસાધારણ રીતે રૂપાંતરની પ્રક્રિયામાં પ્રથમ નિષ્ક્રિય પાસાનો જ સાક્ષાત્કાર થાય છે. તે પછી સક્રિય પાસાનો થાય છે.

વૈશ્વિક અથવા આધ્યાત્મિક રૂપાંતરમાં ચૈત્યપુરુષ વ્યક્તિગત ભાવ ત્યાગીને વૈશ્વિક-પુરુષનો ભાવ ધારણ કરે છે અને પોતાને પોતાની વૈશ્વિક-પ્રકૃતિથી પ્રથમ જુદો પાડીને સાક્ષીભાવ ધારણ કરે છે આને જ અક્ષર-પુરુષનો સાક્ષાત્કાર કહે છે. આ વૈશ્વિક-ચેતનાની નિષ્ક્રિય બાજુનો સાક્ષાત્કાર છે. હજી તેના સક્રિય બાજુનો સાક્ષાત્કાર થવો બાકી છે. પ્રથમ નિષ્ક્રિય પાસાના સાક્ષાત્કાર માટે સાંખ્યનિષ્ઠા રાખીને સાધના કરવી પડે છે. તેમાં પુરુષ નિષ્ક્રિય સાક્ષીરૂપે રહે છે. પ્રકૃતિ સક્રિય-દૃષ્ય તરીકે. બંનેનું જુદાપણું પ્રખરતાથી અનુભવાય છે. આ સ્થિતપ્રિકૃતિની વિકૃત અને અદિવ્ય પ્રવૃત્તિઓ દા.ત. કામનાઓ વગેરેથી મુક્તિ મેળવવામાં સહાયભૂત થઈને સાક્ષીભાવ કાયમી કરે છે અને પ્રકૃતિને શુદ્ધ દિવ્ય કરે છે.

આ વસ્તુ થોડી ઘણી સિદ્ધ થયા પછી, યોગનિષ્ઠાથી સાધકે પોતાની વ્યક્તિચેતના એ વૈશ્વિક ચેતનાનો અંશ છે, તેનું નિમિત્ત અથવા આવિર્ભાવ કેન્દ્ર છે, એવો ભાવ રાખી કર્મો કરવા પડે છે, તેથી પુરુષનું દિવ્ય બનેલી પ્રકૃતિ સાથે ફરી જોડાણ થાય છે. પ્રકૃતિ વિશ્વપુરુષની વિશ્વ-શક્તિ બની જાય છે. ગીતામાં વિશ્વરૂપ-દર્શનમાં આ પાસું શ્રીકૃષ્ણે અર્જુનને દર્શાવેલ છે. તે અક્ષરપુરુષનું દર્શન નથી તે ખાસ સમજી લેવું જરૂરી છે.

આ અવસ્થા પ્રાપ્ત થયા પછી દિવ્ય-કર્મો કરવાની ક્ષમતા વિકસે છે. તેમાં મા ભગવતી અથવા પ્રભુ પોતે જ વ્યક્તિ ચેતનાને પોતાનું આવિર્ભાવ કેન્દ્ર બનાવી તેની મારફત તેની પ્રકૃતિને સાધન તરીકે વાપરી પોતાના કાર્યો પાર પાડે છે. આને ગીતા નિમિત્ત માત્ર બની રહેવું એમ કહે છે. તેનું કર્મ સ્વભાવજં કર્મ, નિયતં કર્મ હોય છે. સ્વભાવજં એટલે આત્માના ભાવમાંથી જન્મેલું નિયતં એટલે પ્રભુએ નિશ્ચિત કરેલું કર્મ.

| | ચેતનાના તબક્કા | ચેતનાનું વિવરણ |
|---|---|---|
| (૪) | સ્વયં સિદ્ધ પૂર્ણ અવસ્થાઓ.<br>રૂપાંતરની જરૂરી નહીં | નિષ્ક્રિય - પરમ-ચેતના (સત્-ચિત્-આનંદ) (અનિવર્ચનીય-ચેતના)<br>સક્રિય અતિમનસ અથવા વિશ્વાતીત ચેતના<br>(જેમાં વ્યક્તિ એ વૈશ્વિક ચેતનાના અંશ તરીકે એકરૂપ હોય છે) |
| | **(અહીંથી નીચેના તબક્કાઓમાં રૂપાંતર જરૂરી)** | |
| (૩) | **ચૈતસિક (વ્યક્તિગત ચેતના)**<br>(જેમાં જુદાં પડેલા વ્યક્તિગત પુરુષના નિયંત્રણ નીચે જુદી લાગતી વ્યક્તિગત પ્રકૃતિ હોય છે.) | **(વૈશ્વિક ચેતના)**<br>આધ્યાત્મિક, અધિમાનસિક, વૈશ્વિક ચેતના<br>વૈશ્વિક પ્રકૃતિ વૈશ્વિક પુરુષના નિયંત્રણ નીચે હોય છે |
| (૨) | **અર્ધવિકસિત તબક્કાઓ**<br>(વ્યક્તિગત આંતરપ્રેરણાત્મકથી સામાન્ય શારીરિક ચેતના સુધીનો પ્રદેશ) | **અર્ધવિકસિત તબક્કાઓ**<br>(વિવિધ સામૂહિક ચેતનાઓના આંતરપ્રેરણાત્મક મનથી માંડીને શારીરિક ચેતના સુધીનાં અર્ધ વિકસિત પ્રદેશો)<br>દા.ત. રાષ્ટ્ર, ગ્રામ, સ્થાનિક, વાસ્તુની સામૂહિક ચેતના<br>(શેરી) (કુટુંબ) |
| (૧) | **વ્યક્તિગત જડતત્ત્વ**<br>(વ્યક્તિગત અવચેતન અચેતન) | **વૈશ્વિક જડ તત્ત્વ**<br>(વૈશ્વિક અવચેતન, અચેતન) |

(ઉત્ક્રાંતિ નીચેથી ઉપર ક્રમશઃ વિકાસ પામે છે.)

# ઉપનિષદો

- શ્રી અરવિન્દ

## આત્મસાક્ષાત્કાર

(પૃ.૪૩-૫૦)

પ્રકરણ - ૪

(ગતાંકનું ચાલુ)

આત્મા જીવન દરમિયાન આ અવસ્થાઓ વિકસતા ક્રમે મેળવી શકે છે. જો તેમાં પૂર્ણતા ન મેળવી શકો તો અન્ય પ્રકાશમય લોકોમાં જઈ આરામ કરી ફરી આગળની પ્રગતિ માટે જન્મ લે છે.

શરીરમાં જ વધતા ક્રમે સાક્ષાત્કાર પ્રાપ્ત કરવો એ જ ઉત્ક્રાંતિનો હેતુ છે.

વિરાટ (વિશ્વાતીત સત્પુરુષ) વ્યક્તિમાં જીવાત્મા તરીકે પ્રગટ થાય છે અને વ્યક્તિના વિકાસને આગળ વધારે છે.

વિકાસમાં પરમ-ચેતનાનું પ્રતીક જે ચિત્તમાં વિકૃત થઈને ઝીલાય છે તેને વધુ ને વધુ સાચું અને વાસ્તવિક બનાવવાનો પ્રયત્ન હોય છે. વિકૃતિ લાવનાર અહંકાર તત્ત્વ છે. તેને ક્ષરપુરુષનો આધાર હોય છે પણ તે પ્રતિબિંબમાં વિકૃતિ સર્જે છે.

આ પ્રતિબિંબ સાથે જ ચિત્ત એકરૂપ થઈ જાય છે અને સુખદુઃખ અનુભવે છે.

આ એકરૂપતા ભૂતકાળની આપણી ઉત્ક્રાંતિથી નિર્માણ થએલાં સંસ્કારોને કારણે થાય છે. તે ઘડતરો અને ગતિઓ સાથેની અશુદ્ધ સંસ્કારોને લીધે થતી એકરૂપતા પૂર્ણ અદૃશ્ય થઈ જવી જોઈએ તે જ આત્મસાક્ષાત્કારની મૂળ શરત છે.

આ આત્મસાક્ષાત્કાર તબક્કાવાર પ્રાપ્ત થાય છે. તેના નીચેના તબક્કા છે :

૧. પ્રથમ સ્વતંત્ર વ્યક્તિઓને કાયમ તેમને એકતાથી બાંધવામાં આવે છે. તે એકતા પ્રેમ, કરુણા, સદ્ભાવના તરીકે પ્રગટ થાય છે. આવી એકતા અનેકતાને સાથે બાંધનારી એકતા હોય છે. જે ખરેખર ભારા જેવી હોય છે.

૨. પછી દરેક તત્ત્વની વૈશ્વિક એકતા અનુભવાય છે. આવા વિવિધ તત્ત્વોનું જગત બનેલું છે એવો ભાવ અનુભવાય છે. સાધક દરેક વૈશ્વિકતત્ત્વ સાથે

અલગ અલગ રીતે એકરૂપ થાય છે. દા.ત. વૈશ્વિક શારીરિક તત્ત્વ, વૈશ્વિક પ્રાણમય તત્ત્વ, વૈશ્વિક મનોમય તત્ત્વ, વૈશ્વિક આત્મતત્ત્વ. આમ, દરેક વૈશ્વિકતત્ત્વ જ સચ્ચિદાનંદનું રૂપ છે એમ ગણવામાં આવે છે. સારાંશ, બધાં વૈશ્વિકતત્ત્વો એક જ આત્માના વૈશ્વિકઘડતરો છે એવું અનુભવાય છે.

આ સાક્ષાત્કારથી આપણામાં આંતરિક મુક્તિ, શાંતિ અને આનંદ સ્થાપિત થાય છે. આને કારણે બધાં જ આત્માઓ સમાન છે એવો સમત્વનોભાવ પણ જન્મે છે

૩. ત્રીજાઅનેઅંતિમ તબક્કામાં એકજ આત્મતત્ત્વે આ વિવિધ વૈશ્વિક અને વ્યક્તિગત તત્ત્વો તરીકે અભિવ્યક્ત થઈ રહ્યો છે. તત્ત્વો જુદાં નથી, ફક્ત તેમની અભિવ્યક્તિઓમાં વિવિધતા છે. તેથી બધાં જ ભૂતો આત્મસ્વરૂપ અનુભવાય છે (સર્વાંણિ ભૂતાનિ આત્મૈવ અભૂત)

આ અવસ્થામાં આત્મતત્ત્વ પોતાની મૂળ અવસ્થા અને તેની ભવન-ક્રિયામાંની અભિવ્યક્તિઓ બધાં સાથે પૂર્ણ એકરૂપતામાં રહે છે અને આત્મતત્ત્વ પોતે અમર, સનાતન હોવાથી સાધક પણ અમરતા પ્રાપ્ત કરે છે. આ દૃષ્ટિમાં પ્રભુ જ જગતમાં આવી વસેલાં છે અને જગત સ્વરૂપે પ્રગટ થઈ રહ્યાં છે એવો અનુભવ આવે છે. આવી અનુભૂતિ જ સોહમ્ મંત્રમાં અભિવ્યક્ત થએલી છે.

આમ ઈશોપનિષદનો આદર્શ બમણી એકરૂપતા છે, જેમાં વિદ્યા (એકરૂપતા) અને અવિદ્યા (વિવિધતા) બન્ને સાથે એકરૂપતા સધાય છે. આત્મતત્ત્વ એક અને અનેક બન્ને છે.

હવે સાધક પૂર્ણ જ્ઞાનથી મોહમાંથી, ભ્રાંતિમાંથી મુક્તિ મેળવે છે. તે બધી વસ્તુઓને પ્રભુના આવિર્ભાવ તરીકે માણે છે. વસ્તુને વસ્તુ તરીકે માણતો નથી. તેમાં યાતના અને દુઃખ પણ પ્રભુના જ આવિર્ભાવ બની આનંદ આપે છે. આમાં ઈશ અને જગત પણ એકરૂપ થઈ જાય છે. આત્મજ્ઞાન દ્વારા ઈચ્છા અને ભ્રાંતિને નષ્ટ કરવામાં આવે છે પ્રભુ દરેક વસ્તુરૂપે જગતમાં રહેલો છે. (શ્લોક-૧ પ્રથમ પંકિત ઈશા વાસ્યમિદં સર્વમ્). તેના આધારે દિવ્ય-જીવન જીવવાની કલા બીજી લાઈનમાં દર્શાવેલ છે. (તેન ત્યકતેન ભૂંજીથાઃ) વસ્તુને વસ્તુ તરીકે જોવાનો ભાવ ત્યાગી, વસ્તુને પ્રભુરૂપ જોઈને માણવાથી દિવ્ય-જીવન જીવી શકાય છે.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

## ચેતનાનાં સ્તરો અને વિભાગો

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)
પ્રકરણ - ૨૭

## જીવ અને જીવાત્મા

સમજૂતી – કમલેશ માંડવિયા

- 'જીવ' શબ્દ.... બે અર્થમાં વપરાય છે..... પૃ. ૨૫
- ૧. જીવંત પ્રાણી. ૨. વ્યક્તિ. પૃ. ૨૫
- રૂપને પ્રાપ્ત થયેલ પિંડભૂત આત્મતત્ત્વ..... પૃ. ૨૫
- આ બીજા અર્થમાં આખો શબ્દ 'જીવ' નહિ પરંતુ 'જીવાત્મા' છે, એટલે જીવંત પ્રાણીનો સનાતન આત્મા, યાને તેનું ચેતન તત્ત્વ..... પૃ. ૨૫-૨૬
- ..... વળી બહુત્વયુક્ત પ્રભુ, અનંતવિધતાને પામેલું ભગવત-સ્વરૂપ, એ તો આ સૃષ્ટિની પૂર્વેનું સનાતન સત્ય છે. પૃ. ૨૬
- 'જીવાત્મા'ની..... વ્યાખ્યાઃ સર્જિત પ્રાણીમાંના ચેતન તત્ત્વ તરીકે, કે વ્યક્તિત્વને પ્રાપ્ત થયેલ આત્મા તરીકે, અહીં પ્રગટ થયેલ નાનાત્વ પ્રભુ..... પૃ. ૨૬
- ક્રમવિકાસ પામનાર ચૈત્ય-પુરુષ જીવનમાં જીવાત્માનો પ્રતિનિધિ બને છે તથા પ્રકૃતિના સર્વે કરણોનો ભર્તા તરીકે તે જ ટેકો આપે છે. પૃ. ૨૬

શ્રી અરવિન્દ અહીં મૂળભૂત ચેતના અને તે દ્વારા પ્રગટ થતાં પરમ પ્રભુ વિષે સમજાવી રહ્યા છે.

'જીવ' શબ્દનો અર્થ સમજવા શ્રી અરવિન્દ કહે છે કે અધ્યાત્મ જગતમાં જીવ શબ્દનો અર્થ પીંડભૂત થયેલ આત્મતત્ત્વ, સાકાર થયેલ આત્મા. આ આકારમાંનું શુદ્ધ

આત્મ-તત્ત્વ જ જીવાત્મા તરીકે ઓળખાય છે. વ્યક્તિમાંનો ભગવાનનો સનાતન અંશ એ જ જીવાત્મા.

પ્રભુનો અનાદિ સંકલ્પ એકો અહં બૃહસ્યામથી પરમ પ્રભુ તો સંકલ્પ કરતા જ તેનો આવિર્ભાવ તુરંત બની આવ્યો. પરંતુ એ તો પ્રભુની પળ હતી. માનવ માટે તો એ યુગાયુગનો સમય બની રહે છે. તેથી જ શ્રી અરવિન્દ કહે છે કે ભાગવત સ્વરૂપ આ સૃષ્ટિ પૂર્વે સનાતન સત્ય તરીકે હતું જ. આ જ સત્ય હવે ચેતન તત્ત્વ તરીકે આવિર્ભાવમાં ધીરેધીરે ઉત્ક્રાંત થઈ રહ્યું છે. આ સૃષ્ટિ સર્જનની પ્રથમ પળનું વર્ણન સાવિત્રીમાં કરતા શ્રી અરવિન્દ જણાવે છે કે : " Then the divine afflatus, spent, withdraw, Unwanted, fading from the mortal's range..... Too perfect to be held by death-bound hearts, The prescience of a marvellous birth to come."

આ જ ચેતન તત્ત્વ સનાતન અને એકાકાર છે, બધામાં આવેલું છે અને બધાથી પર પણ છે. આ અવિનાશી છે અને તે કાળના પ્રવાહમાં નાશવંત રૂપે અથવા તો પદાર્થ કે પ્રાણી રૂપે આકાર (પીંડ) ધારણ કરીને પરમ પ્રભુનો અનાદિ સંકલ્પ પ્રગટ કરતું હોય છે. આત્મા કે જીવંત-તત્ત્વ તરીકે જે માનવ અનુભવે છે તે જે આ પરમ ચેતના છે.

આ પરમ ચેતનાને ‘જીવ’ કે ‘જીવાત્મા’ માનવમાં સ્થાપિત કરવામાં આવી છે. અભીપ્સા અથવા તો પ્રભુના વિયોગમાં ચૈત્ય-પુરુષના વિષાદ તરીકે, તે માનવને યોગ કરવા પ્રેરતી હોય છે. ઉત્ક્રાંતિના ચાલક બળ તરીકે આ અભીપ્સા અથવા તો ચૈત્ય-ગ્લાની માનવને અનુભવાતી હોય છે.

શ્રી અરવિન્દ જણાવે છે કે સાકાર અને નિરાકાર બંન્નેમાં આ ચેતન તત્ત્વ વ્યાપ્ત છે અને તેનાથી પર પણ છે. ઉત્ક્રાંતિની ક્રિયામાં આ પરમ ચેતનાનો પ્રતિનિધિ પ્રવેશ કરે છે તે ચૈત્ય-પુરુષ છે અને જે આધાર આપે છે તે આત્મા અને આ ઉત્ક્રાંતિની પ્રક્રિયાથી પર પણ રહે છે.

A secret soul behind supporting all
Is master and witness of our ignorant life,
Admits the Person's look and Nature's role. (Savitri, Pg.530)
ભાવાનુવાદ :
અંતરભૂત આત્મા, આધાર એકમેવ એ સૃષ્ટિનો,
અજ્ઞાનમય આ જીવન, એ સ્વામી અને દૃષ્ટા તણો
ભજવતો પ્રકૃતિએ પાત્ર, સ્વીકારી પ્રભુના અનંત સ્વરૂપ-ગણો.

# વેદ-રહસ્ય

- શ્રી અરવિન્દ

# ઉષાનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૧, પૃ.૧૬૦-૧૬૫)

પ્રકરણ -૧૨

**સમજૂતી** - માનસિંહ ચાવડા

ઋતમ્‌નો ઉલ્લેખ ઉષા સાથે આવે છે. વેદોમાં ગાયોની માતા તરીકે વર્ણવેલ છે, પણ દેવોની માતા તરીકે અદિતિને પણ ગણવામાં આવે છે. 'અદ્' અથવા 'અદિ' ઉપરથી આ શબ્દ આવેલ છે. અદિતિ એટલે પરમ ચેતના, અસીમ ચેતના જે બધાંને ગળી જાય છે. (અદ) અથવા જે અદ્વિતિય છે. (અદિ) તે પ્રકાશ સ્વરૂપ છે. તેમાંથી જ અન્ય પ્રકાશમય ચેતનારૂપી ગાયો પ્રગટ થયેલ છે. આવી પ્રકાશમય ચેતના વિશિષ્ટ શક્તિથી સંપન્ન પણ હોય છે, તેથી તેમને વિશ્વશક્તિઓ પણ કહેવાય છે. દેવો આવી વિશ્વ-શક્તિઓ છે. ચેતનાનાં વિવિધ પ્રવાહો, નદીઓ, જળોની નીકો છે. અસીમ નિરાકાર ચેતનાને જ જળ કહે છે. કારણ નિરાકારતા એ બંનેની સમાનતા છે. આમ અદિતિનું એક પ્રકાશમય સ્વરૂપ એટલે જ ઉષા છે. જેમાંથી દેવોરૂપી વિશ્વશક્તિઓ જન્મી છે એમ કહેવાય છે. તેથી સૂક્ત ૧-૧૧૩-૧૯માં ઉષાને 'માતા દેવાના મદિતેર નીકમ્' અર્થાત્ દેવોની માતા (દેવાનામ્ માતા) અદિતિનો (અદિતેઃ) એક પ્રવાહ (નીકમ્) જણાવેલ છે.

સારાંશ, ઉષા પ્રકાશ-સ્વરૂપ ચેતના છે, જે નિમ્ન સ્તરે ઊગી રહી છે, પ્રગટ થઈ રહી છે.

આ ઉષાને ઋત્‌ના માર્ગને અનુસાર જણાવેલ છે. (ઋતસ્ય પંથાન્ અન્વેતિ ૧-૧૨૪-૩) યુરોપિયન વિદ્વાનો તેને ભૌતિક ઉષા ગણે છે અને તે ઋતુ અનુસાર

પોતાનું સ્વરૂપ બદલે છે એવો ભૌતિક અર્થ કાઢે છે. ઘણા ઋતમ્‌નો અર્થ સૂર્યના સ્વરૂપ અનુસાર રૂપો બદલતી ઉષા એવો અર્થ કાઢે છે.

સૂર્યને ઉષાના માર્ગનું અનુસરણ કરતો વેદોમાં દર્શાવેલ છે. તેથી અહીં ઋતમ્‌નો અર્થ સૂર્ય લઈ શકાય નહિ. ઋતમ્‌નો અર્થ છે - હજી સુધી જગતમાં ન પ્રગટ થયેલા, ભવિષ્યમાં પ્રગટ થનાર, બીજસ્વરૂપ અવ્યક્ત સત્યો, બીજ અને વૃક્ષ વચ્ચે જે તફાવત છે તે જ ઋતમ્ અને સત્યમ્ વચ્ચે છે. 'ઋતંભરા પ્રજ્ઞા તત્ર' આ પતંજલિના સૂત્રમાં ઋતમ્‌નો અર્થ આ મુજબ લીધેલો છે.

આગળ ઉષા વિશે એમ જણાવેલ છે કે તે ઋત્‌નો માર્ગ અનુસરે છે, પણ તે પોતે જ્ઞાનયુક્ત હોવાથી (પ્રજાનત ઈવ) જ્યાં પ્રગટ થાય છે, તેના સ્વરૂપને મર્યાદિત કરતી નથી પણ વિશાળ કરે છે. (ન દિશા મિનોતિ) (૧-૧૨૪-૩) તે જ્યાં પ્રગટ થાય છે ત્યાં પોતે જ્યાંથી નીચે અવતરણ પામી છે તે 'બૃહત્' તત્ત્વને જ પ્રગટ કરે છે. પરમ-ચેતનાને જ પ્રગટ કરે છે. સારાંશ, જે મર્યાદિત તત્ત્વમાં તે પ્રવેશે છે તેની અજ્ઞાનજન્ય મર્યાદાઓ ભૂંસી નાખે છે અને તેને વિશાળ ચેતનામાં જીવતા શીખવે છે. કારણ તે પોતે પરમ-ચેતનાના સાચા સ્વરૂપને જાણે છે. તે પોતે 'પ્રજ્ઞા' સ્વરૂપ જ છે. તેથી તેની ગતિ પ્રકાશવાળી છે. (દ્યુતામાનં) તે પોતે ઋત્-ચેતનાને કારણે વિશાળતા ધારણ કરેલી છે. (બૃહતી ઋતેન) તે ફક્ત ઋત્‌નાં પરિણામો જ ધારણ કરતી નથી પણ સ્વયં ઋત્‌ને ધારણ કરે છે. (ઋતાવરી) તે પોતાની સાથે માનસિક સમજણરૂપી સ્વર્ગ લાવે છે. (સ્વર્ આવહન્તીમ્). સૂક્ત ૭-૭૫-૧ માં જણાવેલ છે કે ઉષા ઋત્‌માંથી જ જન્મી છે. (દિવિજા ઋતેન) તે ઋત્‌નો જ મહિમા અર્થાત્ સ્વભાવને પ્રગટ કરે છે. (આવિષ્કૃણવાના મહિમાન્).

દેવી ઉષાને સૂક્ત ૭-૭૫-૭માં સત્યના દેવો સાથે સત્યસ્વરૂપ, મહાન દેવો સાથે મહાન એવાં વર્ણનો જોવા મળે છે. ઉષાનું એક રૂપ અદિતિ સાથે એક રૂપ છે. જે ઋત્ સ્વરૂપ છે. તો બીજું સ્વરૂપ સત્ય બનેલાં વૈશ્વિક શક્તિઓ સ્વરૂપ દેવોમાં એક સત્ય બનેલી દેવી તરીકેનું પણ છે. આમ, બંને સ્તરે ઋતમ્ અને સત્યમ્ સ્તરે ઉષા છે.

ઉષા પોતે જે અવતરણ કે ઉગવાની ગતિ કરે છે તે ઋતમ્‌ના જોરે કરે છે, તેથી વેદોમાં પ્રતીકાત્મક વર્ણન છે કે ઉષાનો રથ ઋતમ્‌ના ઘોડાઓ ખેંચે છે. આ

જે ઘોડાઓ છે તેની જન્મદાતા ઉષા જ છે. અહીં ઘોડા એટલે વૈશ્વિક-શક્તિઓ. તેમના પ્રકાશસ્વરૂપ પાસાની જનેતા ઉષા છે, તો શક્તિસ્વરૂપ પાસાની જનેતા અદિતિ. તેથી તે ઋતમ્‌ના ઘોડાને તેણે પોતે જ જન્મ આપ્યો છે અને તેના ઉગવાની પ્રક્રિયાની અને વિશ્વદેવો રૂપી ઘોડાઓની અર્થાત્ દેવોની સાથે જ ઉષા રહે છે. (ઋતયુગ્સિરશ્વૈઃ ૬-૬૫-૨) આ ઋતમ્‌માંથી જન્મેલા ઘોડાઓ સત્યસ્વરૂપ  અને કલ્યાણકારી છે, સુખદાતા છે. (ભદ્રાં ઋતજાતસત્યા; - ૬-૬૫-૨)

ઋત્‌નો માર્ગ એ આનંદનો માર્ગ હોવાથી ઉષા આનંદને લાવનારી છે. વશિષ્ઠ પોતાના સૂક્ત ૭-૮૧-૩માં જણાવે છે કે તે ઉષા યજમાનના શરીરને (યા પુરુ) તેના ઈચ્છનીય (સ્પાર્ણ) આનંદો સ્વરૂપ રત્નો (મયઃ રત્નં) દાશુષે (આપે છે)

ઉષાને માટે ઋતાવરી અને ‘સુનૃતાવરી’ આ બે વિશેષણો વાપરે છે. તેમની વચ્ચે તફાવત શો ? ઋતમ્ એટલે બીજસ્વરૂપ અવ્યક્ત-સત્ય, જે હજી પ્રભુનાં સંકલ્પ-સ્વરૂપ જ છે, જે સક્રિય બની આવિર્ભાવની પ્રક્રિયામાં મુકાયેલાં નથી. તેથી ઋતાવરી આ બંનેમાંના સમાન શબ્દનો અર્થ થાય છે; ઋતમ્‌યુક્ત ઋતમ્‌ને ધારણ કરનારી. તો હવે સુનૃતમ્‌નો અર્થ શું ? વેદોનું મન્તવ્ય છે કે માનવી-કલ્પનાનુસાર ઋતમ્ શરૂઆતથી જ સુખરૂપ બની જ જાય છે, કારણ તે આનંદને લઈ આવે છે. તેથી ઋતમ્‌ના માનવની દૃષ્ટિએ બે પ્રકાર પડે છે : (૧) શરૂઆતમાં તપ અને કષ્ટ બાદ અંતે આનંદદાયક ઋતમ્ (૨) શરૂઆતથી જ આનંદદાયક.

સારાંશ, પ્રથમ પ્રકારને ઋતમ્ કહેવામાં આવે, તો બજાને વધારે સારા ‘સુનૃતમ્’ કહેવા જોઈએ. ઉષામાં આ બંને પ્રકારનાં ઋતમ્ હોય છે, તેથી તે ઋતાવરી પણ છે અને સુનૃતાવરી પણ છે. દા.ત. ભાસ્વતી (પ્રકાશમય) પ્રથમથી જ સુખમય ઋતમ્‌ને લઈ આવનારી (નૈત્રી સુનૃતાનામ્ - ૧-૯૨-૭) ઉષાને ‘વિભાવરી’ પણ કહે છે. તેનો અર્થ છે - વિશાળ પ્રકાશને લઈ આવનારી. ઉષાને વિશ્વસુંવિદઃ પણ કહેલ છે. તે વિશ્વમાંની દરેક વસ્તુનું (વિશ્વ) આંતરિક સત્ય-ઋતમ્‌ને સારી રીતે જાણે છે. (સુવિદઃ) તે આંતરિક પ્રેરણાઓ રૂપી મનની વાણીને પ્રગટાવે છે, જે વિશ્વના પાછળ રહેલું સત્ય છે. (વિશ્વસ્ય વાચં અવિદન્ મનાયો ૧-૯૨-૯) (ક્રમશઃ)

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

## ટીકાઓ પ્રત્યે આપણે કેવું વલણ રાખવું ?

પ્રકરણ - ૨૭

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(Lights for students - P. 121)

ટીકા ટીપ્પણી કરવી એ આજનો માનવ-સ્વભાવ બની ગયો છે. બીજાના દોષો આપણને મોટા લાગે છે આપણા પોતાના નાના. બીજાઓ ઉપર તેની ગેરહાજરીમાં ટીકા કરવી, નિંદા કરવી આપણને ગમે છે. પોતાને ચડિયાતો લેખવાની ગુપ્ત લાલસા તેમાં સંતોષાતી હોય છે. તે અહંકારને પોતાને સંતોષવાની એક વિકૃત રીત છે. તેવે વખતે તેની પોતાની ચેતના નિમ્ન-કક્ષાએ સરી પડે છે. એ તેની ધ્યાન બહાર રહેતું હોય છે.

સમજદાર અને આધ્યાત્મિક દૃષ્ટિ કેળવનારા લોકો કોઈની ટીકા કરતા નથી. તેના ચાર કારણો છે.

(૧) દરેકની પ્રકૃતિ ભિન્નતા બાબત તેમજ તેની પ્રકૃતિના ગુણો અવગુણો બાબત તેઓ સભાન હોય છે. પણ સાથે સાથે આ એક વિકાસનો તબક્કો છે, એ તેઓ જાણે છે. આ કાયમી પ્રકૃતિ પણ નથી. એ પણ તેઓ જાણે છે.

(૨) સામાન્ય માણસો પોતાની પ્રકૃતિ વિષે તદ્દન અભાન હોય છે. તેમને તેમાં ફેરફાર કરવો જોઈએ એમ પણ લાગતું નથી. તેમના આ અજ્ઞાન બાબત તેઓ જાણતા હોય છે. તેથી તે વ્યક્તિ હેતુ પુરસ્પર આવું વર્તન કરે છે એમ તેમને લાગતું નથી. પ્રકૃતિ જ તેમને અવશ કરાવી તેમ કરવા ભાગ પાડે છે એમ તેમને લાગે છે. તેથી તે ક્ષમાશીલ હોય છે.

(૩) ટીકા કરવી એટલે પોતાની ચેતનાને જ નિમ્ન સ્તરે ધકેલી દેવા જેવું છે. આવું અધઃપતન તેમને હરગીજ માન્ય હોતું નથી. તેથી તેઓ ટીકા

કરવામાં માનતા નથી.

(૪) પોતામાં પણ અનંત ત્રુટીઓ છે તે બાબત તે સભાન હોય છે ત્યારે પોતાને બીજાની ત્રુટીઓ માટે ટીકા કરવાનો કોઈ અધિકાર જ નથી એવું તે માનતો હોય છે,

આથી પણ વધારે ઊંડી સમજણ આધ્યાત્મિક વ્યક્તિમાં હોય છે. મારી ચેતનાના વિકાસ માટે મારી આસપાસ અપૂર્ણ-પ્રકૃતિના માણસો કુટુંબીઓ, મિત્રો, પડોશી તરીકે ગોઠવેલાં છે. તેમના વર્તનને કારણે જ ક્ષોભ, ગુસ્સો, અસ્વસ્થતા મારામાં નિર્માણ થાય છે. તેમાં મારે નિર્લેપ અને સમતા સાથે જીવવું જોઈએ એ જ પ્રભુના આ આયોજનનો સાર છે. હું સમજણપૂર્વક પ્રભુના આ આયોજનનો પૂરેપૂરો ફાયદો લઈને કરી બતાડીશ. મારા જીવનનો તે જ હેતુ છે. આવી ગહન સમજણ તેમને વિવેક, સહનશીલ અને ક્ષમતાપૂર્ણ બનાવી મૂકે છે.

ટીકા કરો નહિ. જો ટીકા કરવાથી બીજામાં પરિવર્તન આવી તેનો વિકાસ થાય એવી શક્યતા જણાય તો જ તે સદ્‌હેતુથી જ ટીકા કરવી જોઈએ. બીજાને આઘાત આપવા, વેરવૃત્તિથી, નીચે પાડી દેવા, પોતાનો અહં પોષવા ટીકા કરવી સર્વથા અયોગ્ય છે.

બીજાની ટીકાઓને હકારાર્થી રીતે લઈ પોતાની પ્રકૃતિને તપાસો. ખરેખર ભૂલ દેખાય તો તે મુજબ પ્રકૃતિને સુધારો. આ જ ટીકાનો સાચો ઉપયોગ છે. બીજાની ટીકાઓનો ઉપયોગ પોતાની સાધના વધારવામાં, સમતા વિકસાવવામાં, અહં ત્યાગવામાં કરી લેવો એ જ ટીકાનો સાચો ઉપયોગ છે.

ટીકાઓ કરીને બીજાને સુધારવાનો પ્રયત્ન ન કરીએ. આપણે આપણી પોતાની પ્રગતિ માટે જન્મ્યા છીએ. એ સત્યને સદા ધ્યાનમાં લાવો. બીજાને ઉપયોગી થવાથી આપણો જ વિકાસ થાય છે અને તે જ મહત્વનો છે.

જીવનમાં તટસ્થતા, નિર્લેપતા ટકાવવા ટીકાઓ તરફ ધ્યાન ન આપવું અથવા તેને સાચા અર્થમાં લેવી જ મહત્વની છે.

ટીકાઓ માનસિક અજ્ઞાનની નિશાની છે.

## જાતક કથાઓ - માનસિંહ ચાવડા

# મોટાઈનો મોહ

પ્રકરણ - ૪

ગંગાપૂર નામનું ગામ. ત્યાં આજે ઘેટાઓનાં લડાઈની હરિફાઈ હતી. ગામના બે શેઠના હૃષ્ટપુષ્ટ ઘેટાં વકરીને ઝનૂનથી એકબીજાને ટક્કર મારતા હતા. પણ એકે ગાંજ્યો જાય તેમ નહોતો. તે પૈકી એક ઘેટાની દાઢી લાંબી હતી. બીજા ઘેટાને તેની દાઢીની ચીડ ચડી હતી.

ત્યાં એક સાધુ બાવા આવી ચડ્યાં. તેઓ પણ ભીડમાં ઘૂસી ઘેટાની ટક્કર જોવા પહેલી હરોળમાં જઈ ઊભા. અચાનક એક ઘેટાની નજર બાવાજીની ફરફરતી દાઢી પર ગઈ. તે નીચું માથું ઘાલી ટટ્ટાર ઊભો. તેમની તરફ જોવા લાગ્યો. બાવાજીને લાગ્યું તે તેમને વંદન કરે છે, મનમાં બોલ્યા, 'જુઓ એક અબુધ પ્રાણી મારી મહાનતા જાણી મને વંદન કરે છે પણ આ અજ્ઞાની ગામવાસી મારી મહાનતા ઓળખી શકતા નથી.''

બાવાજી તે ઘેટા તરફ આશીર્વાદ આપતા આપતા આગળ વધ્યા.

ગામ લોકોએ કીકીયારી કરી ''બાવાજી પાછા વળો, ઘેટું વકરેલું છે, તમને પછાડશે.''

પણ બાવાજી મનમાં હસતા હસતા આગળ વધ્યા, અને ઘેટાએ તેને ઉલાળ્યા.

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

## આપણા સ્વરૂપનાં વિભાગો

પ્રકરણ - ૩૩

(ખંડ-૨, પૃ.૧૬૭-૧૭૧)

(૧૩-૮-૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : આપણા સ્વરૂપનાં વિવિધ વિભાગો બાબત મને સ્પષ્ટતા નથી. શું મને સમજાવશો ?

શ્રી અરવિન્દ : ચેતના મસ્તકની ઉપરથી નીચે અવતરણ પામીને એક એક તત્ત્વમાં રૂપાંતરિત થતી થતી અંતે શારરિક તત્ત્વ બને છે અને જીવન તરીકે પ્રગટ થાય છે. આ જુદાં જુદાં તત્ત્વોનાં ક્રમ ઉપરથી નીચે એમ મન, પ્રાણ અને શરીરનાં છે. પણ આ સ્તરો વચ્ચેની સ્પષ્ટ સીમા રેખા નથી. બીજું, ઉપરનું તત્ત્વ નીચેની તત્ત્વ મારફત પણ પોતાને પ્રગટ કરે છે અને નીચેનું તત્ત્વ ઉપરનાં તત્ત્વ મારફત. આમ દરેક તત્ત્વમાં વળી ત્રણ સ્તર પડે છે. પ્રથમ ભાગ ઉપરના તત્ત્વ સાથેનું મિશ્રણ હોય છે. વચલો ભાગ તે તત્ત્વનો શુદ્ધ ભાગ, નિમ્નભાગ તે તત્ત્વનો નીચલા તત્ત્વ સાથેનું મિશ્રણ. ઈન્દ્રધનુષના મૂળ ત્રણ લાલ, પીળો ને વાદળી જેમ પાસેના પ્રકાશરંગમાં ભળીને નવા પ્રકાશરંગની આભા રચે છે, તેવી આ ઘટના બની જાય છે. તે ઉપરાંત, મનની ઉપર હજી બીજું તત્ત્વ આપણામાં પ્રગટ થએલ નથી. તેથી તેનો ઉપરના સ્તર શુદ્ધ મનનું ગણેલ છે. આ રીતે જોતાં નીચે મુજબ આપણા સ્વરૂપનાં વિભાગો અને ઉપવિભાગો પડે છે.

(૧) મન : (અ) શુદ્ધ મન (બ) પ્રાણમય મન (૩) શારીરિક મન

(૨) પ્રાણ : (અ) મનોમય પ્રાણ (બ) શુદ્ધ પ્રાણ અથવા પ્રાણમય પ્રાણ (ક) શારીરિક પ્રાણ

(૩) શરીર : (અ) મનોમય શારીરિક (બ) પ્રાણમય શારીરિક (ક)

શુદ્ધ શારીરિક

ભાષામાં આ બધા ભેદો સ્પષ્ટ રીતે સમજાવવા અટપટાં લાગે છે. પણ બધાં તત્ત્વો એકબીજામાં ભળીને મિશ્ર તત્ત્વ રચે છે, એ મૂળ સિદ્ધાંત છે. તેની પાછળનું સત્ય એ છે કે પ્રસંગોપાત ઉપરનું કે નીચેનું તત્ત્વ પોતે અન્ય તત્ત્વ ઉપર પોતે પ્રભાવ પાડે છે. આપણા યોગશાસ્ત્રમાં સત્વ, રજસ્, તમસ્ આ ત્રણ ગુણ ગણાવ્યાં છે તેમનો સ્વભાવ પણ ઉપર મુજબ જ વર્ણવેલો છે.

હવે શુદ્ધ મન મસ્તકની ઉપર હોય છે. તે તર્ક કરે છે. માનસ પ્રતિમાઓ રચે છે, સંકલ્પ કરે છે. આ સમગ્ર વિચારોનો પ્રદેશ છે.

ચિત્તમાંથી નિર્માણ થતી લાગણીઓ અને સંવેદનો આ પ્રાણમાંથી નિર્માણ થાય છે. તે પ્રાણનો પ્રદેશ છે. તે જ્યારે મનમાં પ્રવેશે છે તો તે પ્રાણમય મન બની જાય છે.

તેવું જ શરીરનાં સંવેદનો જે ઈન્દ્રિયો મારફત નિર્માણ થાય છે તે જ્યારે મનમાં પ્રવેશે છે ત્યારે તેને શારીરિક મન કહેવાય છે.

આમ મસ્તકના ઉપરથી સ્વરપેટી સુધીનો મનનો પ્રદેશ કહેવાય છે.

શિષ્ય : તો બુદ્ધિનો અર્થ શું ?

શ્રી અરવિન્દ : તે મનનો જ પ્રદેશ છે તે સમજણ આપે છે. વિચારની શક્તિ છે. તે માટે તર્ક કરે છે. સૂક્ષ્મ વિષયોને પણ સમજે છે. દા.ત. સત્ય શું છે ? તે દર્શનની ઘટના પણ રચે છે. તેમાંથી જ માનસિક રૂપો અને પશ્યંતી વાણી નિર્માણ થાય છે. વાણી આ મૂળભૂત રીતે માનસિક છે. જેને 'વાક્' કહે છે. તેમાંથી શારીરિક 'વાચા' નિર્માણ થાય છે.

શિષ્ય : વાણીનું કેન્દ્ર ક્યાં છે ?

શ્રી અરવિન્દ : ગળાના મૂળમાં. આ વાણીનો ઉપયોગ આપણે વિચારો (મનોમય ઘટના) પ્રગટ કરવા, ભાવનાઓ (પ્રાણમય ઘટના) પ્રગટ કરવા અને સંવેદનો (શારીરિક ઘટના) પ્રગટ કરવા કરીએ છીએ. તે ત્રણે તત્ત્વનાં પરિણામોને પ્રગટ કરે છે.

શિષ્ય : પણ મન અને બુદ્ધિ વચ્ચે તફાવત છે ?

શ્રી અરવિન્દ : વ્યવહારમાં મનનો અર્થ વિશાળ લઈને તેમાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચારેનો સમાવેશ કરવામાં આવે છે. શાસ્ત્રોમાં મનને

ઇન્દ્રિયોના કાર્યોનો સમન્વય કરનાર કહ્યું છે. તેથી તેને છઠ્ઠી ઇન્દ્રિય ગણાવી છે (મનઃ ષષ્ઠાણિ ઇન્દ્રિયાણિ - ગીતા) શાસ્ત્રોમાં બુદ્ધિ એટલે સમજણ આપનાર તત્ત્વ (બુધ એટલે જાણવું)

શિષ્ય : મનોમય શારીરિક શું છે ?

શ્રી અરવિન્દ : તે શરીરનું સંચાલન કરતું તત્ત્વ છે. તે યંત્રવત્ સંચાલન કરે છે. પૂનરાવર્તનો કરે છે. તેમાં તર્ક શક્તિ નથી. તેમાં ભાવનાઓ પણ હોતી નથી. આમાં બધી જ શારીરિક ટેવોનો સમાવેશ થાય છે. દા.ત. છીંક આવવી, આંખો પટપટાવવી વગૈરે.

શિષ્ય : અતિમનસ મનની ઊર્ધ્વમાં હોય તો તે પણ મન સાથે સુસંગત રીતે ગોઠવાએલું હશે જ. તે શું છે ?

શ્રી અરવિન્દ : આંતરદર્શનનો (visions) એ પ્રદેશ અતિમનસ સાથે સુસંગત રીતે જોડાએલો છે. સારાંશ, આંતરદર્શનનો ઊગમ ઊર્ધ્વમાં છે.

અસ્તુ, હવે મનના પ્રદેશ નીચે હૃદયથી નાભિ સુધી પ્રાણનો પ્રદેશ છે. તેમાં માલકીહક્ક જતાવવો, લાલસા, વાસના વ્યક્ત કરવી જેવી ઘટનાઓ બને છે. તે બધી માનસિક વિચારોમાં અથવા વાણીમાં કે શરીરમાં પ્રગટ થતી હોય છે. તે મેળવવા આયોજન અને વિચાર કરે છે. તે મનોમય પ્રાણ છે. દા.ત. મુસોલિની ઇટલીને પ્રતિસૂર્ય બનાવવા માગતો હતો. તેમાં વિચાર અને ભાવના બન્ને પોતાને પ્રગટ કરવા શરીરનો ઉપયોગ કરે એ શારીરિક પ્રાણ છે.

શિષ્ય : ક્રિયાશીલ મનનો અર્થ મને સમજાતો નથી.

શ્રી અરવિન્દ : શુદ્ધ મનની સક્રિય અવસ્થાને ક્રિયાશીલ મન કહે છે. તે સંકલ્પ નિર્માણ કરે છે અર્થાત્ આયોજન નિશ્ચિત કરે છે. વિચારોને મૂર્ત કરવાનો તે પ્રયત્ન છે. તેમાં ભાવના કે કામના હોતી નથી. ફક્ત દૃઢ વિચાર જ હોય છે. પ્રાણમય મન તેથી જુદું છે. તે મનમાં નિર્માણ થએલાં વિકારો હોય છે.

કામવાસના જેવી લાગણીઓ જન્મે છે. તે શીઘ્રગામી હોય છે. યશસ્વી થાય તો સુખ અને સંતોષ મેળવે છે, ન થાય તો અસંતોષ અને વિષાદ. આ આપણો અશાંત ભાગ છે. અસ્વસ્થ કરતો ભાગ છે.

ઊર્ધ્વ કે નિમ્ન ગતિ કરવા પ્રાણશક્તિની જરૂરિયાત છે. તેથી પ્રગતિ કે પતન બન્નેમાં પ્રાણશક્તિ કાર્ય કરે છે.

શિષ્ય : મન પ્રાણને ગતિ આપે છે કે પ્રાણ મનને ?

શ્રી અરવિન્દ : મનના ક્ષેત્રમાં મન ગતિ આપે છે. પ્રાણના ક્ષેત્રમાં પ્રાણ ગતિ આપે છે. દા.ત. પ્રાણમય મનમાં મન મૂળ પ્રદેશ હોવાથી ત્યાં મન ગતિ આપે છે. જ્યારે મનોમય પ્રાણમાં પ્રાણ મુખ્ય હોવાથી પ્રાણ ગતિ આપે છે. જે બળવાન તે ગતિ આપે છે.

શિષ્ય : પ્રાણમાં અતિમનસના આયોજનથી શું રચાય છે ?

શ્રી અરવિન્દ : શું કરવાનું છે તેનું જ આંતરદર્શન થાય છે. તે સીધેસીધું અતિમનસમાંથી પ્રાણમાં પ્રવેશેલી ઘટના છે. તે વિચાર નથી પણ ક્રિયા બાબતનું માર્ગદર્શન છે. ક્રિયા એ પ્રાણનું લક્ષણ છે. આને આપણે 'કોઠાસૂઝ' કહીએ છીએ.

જો પ્રાણ મનથી ઊર્ધ્વમાં રહેલ શક્તિઓ પ્રત્યે ખુલ્લું થાય તો તે એક મજબૂત અને સમર્થ કરણ બની શકે છે.

આ મુજબ જ શરીરના ક્ષેત્રમાં મન, મનોમય શારીરિક અને પ્રાણ પ્રાણમય શારીરિક તત્ત્વ રચે છે. આમ આપણા સ્વરૂપનાં નવ વિભાગ પડે છે.

---

(અનુ.પૃ.૩૯ ઉપરથી)

## શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

**જ્યારે કદરૂપી વસ્તુના સૌંદર્યની મારા મને પ્રશંસા કરી અને બીજા માણસો તેના પ્રત્યે શા માટે અણગમો રાખતા હતા અને તેનો તિરસ્કાર કરતા હતા તેનું સંપૂર્ણ ભાન થયું ત્યારે મને સમજાયું કે મારા મન પર મેં સંપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યો છે (૪૬)**

જ્યાં સુધી આપણે સ્થૂળ, બાહ્યદૃષ્ટિથી વસ્તુ તરફ જોતા હોઈએ છીએ ત્યાર સુધી આપણને તેના કદરૂપતા પ્રત્યે અણગમો રહે છે પણ આધ્યાત્મિક દૃષ્ટિ ખીલતાં જ સૌંદર્ય દેખાવા માંડે છે. કારણ સૌંદર્ય એ તો આત્માનો ગુણ છે, શરીર કે ભૌતિક સ્વરૂપ તો તેને પ્રગટ કરી શકે કે ન પણ કરી શકે. એ સમજાય છે ત્યારે ત્યારે સાધક આત્માનાં સૌંદર્યને બાહ્ય કુરૂપતા છતાં માણવા માંડે છે.

પણ આ વસ્તુ આપણા મન ઉપર વિજય મેળવી, તેને આત્માના પ્રકાશથી પ્રકાશમય કરી દીધાં પછી જ શક્ય બને છે. શ્રી અરવિન્દને કુરૂપતામાં પણ સૌંદર્ય દેખાતા પોતાના મનોજયની ખાતરી થઈ.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

## આત્માના સાક્ષાત્કારની પૂર્વશરતઃ મનોજય (૪૪-૪૬)

પ્રકરણ - ૨૯

(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૭૩-૭૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**હું જ્યારે અવિદ્યાની નિદ્રામાં હતો ત્યારે એકવાર એક ધ્યાનમંદિરમાં જઈ ચડ્યો. ત્યાં બધાં સંતસાધુઓ ભેગા થએલાં હતા. પણ એમની સોબતમાં મને કંટાળો આવવા લાગ્યો. એ સ્થાન મને કેદખાના જેવું લાગ્યું. પછી હું જાગૃત બન્યો. ત્યારે પ્રભુ મને એક કેદ ખાનામાં લઈ ગયાં અને તે સ્થાનને તેમણે ધ્યાનમંદિર બનાવ્યું. એમને મળવા મિલનમંદિર બનાવ્યું (૪૪)**

અહિ શ્રી અરવિન્દ પોતાની બે માનસિક અવસ્થાઓને કારણે અનુભવો કેવી રીતે બદલાય છે તેની સમજણ આપે છે. બાહ્ય પરિસ્થિતિ બદલવા આંતિરક બદલ લાવવાની જરૂર હોય છે. ફક્ત બાહ્ય બદલને કારણે કોઈ તફાવત પડતો નથી.

જે વખતે શ્રી અરવિન્દ આધ્યાત્મિક દૃષ્ટિએ હજી જાગૃત થયા નહોતા તેવે વખતે તેમને સાધુસંતોના ધ્યાનમંદિરમાં પણ કંટાળો આવતો હતો. સાધનાનું મહત્ત્વ તેમણે ન જાણ્યું હોવાથી આ સાધુસંતો પોતાનો સમય બરબાદ કરીને સમાજને નુકસાન પહોંચાડે છે તેવો તેમનો ભાવ હતો. તેમને સામાજિક રાજકીય સુધારા જોઈતા હતાં, જે બાબતમાં આ વ્યક્તિઓ જરાપણ રસ લેતી નહોતી.

તે પછી શ્રી અરવિન્દની ચેતનામાં પલટો આવ્યો. તેઓને અધ્યાત્મની સમજણ આવી, તેનું જીવનમાંનું મહત્ત્વ સમજાયું. તે વખતે તેમને અલિપૂર જેલની અંધાર-કોઠડીમાં પ્રભુએ ધકેલ્યા. તેમની સામાજિક - રાજકીય પ્રવૃત્તિઓ બંધ થઈ ગઈ. પણ સાધનામાં તેઓ એકાગ્ર થઈ ગએલાં. તેમને તે અંધાર કોઠડી ધ્યાનમંદિર જેવી સ્વચ્છાઓ, પવિત્રતા, ન હોવા છતાં ધ્યાન લાગવા લાગ્યું. તેમનું તે ધ્યાન મંદિર બની ગયું. રોજેરોજ પ્રભુ સાથેની એકરૂપતા વધારે ને વધારે ગાઢ થવા લાગી. પ્રભુનો રોજેરોજ ભેટો થવા લાગ્યો.

ચેતનાની અવસ્થા યોગ્ય ન હોવાથી જ ધ્યાનમંદિર કેદખાનું લાગેલું અને તે જ રીતે તે બદલતાં કેદખાનું ધ્યાનમંદિર બની ગયું. જગત, જેવા આપણે હોઈએ તેવું દેખાય છે. સાધના બાહ્ય પરિસ્થિતિ ઉપર ઓછી અવલંબે છે. તે આંતર-સ્થિતિ ઉપર જ વધુ આધાર રાખે છે.

લોકો અધ્યાત્મના બાહ્ય ખ્યાલોને લઈ સંસાર ત્યાગે છે. પણ જંગલમાં જઈને સંસાર ઉભો કરી દે છે. સાચો સન્યાસી સંસારી હોવા છતાં સંસારી હોતો નથી.

પૂર્ણયોગ બાહ્ય આચારોને ઓછું મહત્ત્વ આપે છે. આંતરિક અભીપ્સા અને તેને ટકાવતું પરિત્યાગ અને સમર્પણ જ તેમને મહત્ત્વનું હોય છે.

મૂળ તો મનની અવસ્થા જ મહત્ત્વની છે. શ્રી અરવિન્દ આ જ વસ્તુ પોતાના ૪૫માં વિચાર-સૂત્રમાં જણાવે છે.

**"હું એક કંટાળાજનક પુસ્તક આખું આનંદપૂર્વક વાંચી ગયો. અને છતાં એમાં કંટાળો આપી શકવાની જે સંપૂર્ણતા હતી તે મેં આખી જાણી લીધી. અને ત્યારે ખબર પડી કે મેં મારા મન ઉપર વિજય મેળવ્યો છે. (૪૫)**

જો સાધકને હરક્ષણે પ્રભુની હાજરી અનુભવાતી હોય તો તેનો આંતરિક આનંદ સતત તેના બાહ્ય સ્વરૂપમાં રેલાઈને આવતો તે અનુભવી શકે છે. તેથી કંટાળાજનક પુસ્તકના વાંચન દરમિયાન પણ તેને આંતરિક-આનંદ મળતો જ હોવાથી તે પુસ્તક તેને કંટાળો લાવતું નથી.

પ્રભુને રસમય કહ્યાં છે તેનું કારણ આ જ છે (રસો વૈ સઃ) તેની હાજરી જ વસ્તુમાત્રમાં રસ અને આનંદ નિર્માણ કરી દે છે.

આનંદ આત્મતત્ત્વ સાથેના સંપર્કમાંથી મળતો હોય છે. તે વસ્તુનો ગુણધર્મ નથી. યાજ્ઞવલ્કયે આ જ સત્ય પોતાની પત્નીને જણાવેલું જ્યારે તેઓ કહેતા કે આત્માને માટે જ વસ્તુ પ્રિય લાગે છે. વસ્તુ તરીકે નહિ.

મનને શાંત નીરવ કર્યા વગર, આત્મા પ્રત્યે ગ્રહણશીલ કર્યા વગર આત્મતત્ત્વનો સ્પર્શ પામવો શક્ય ન હોવાથી મન ઉપરનો વિજય એ આત્માનો આનંદ મેળવવાની પૂર્વ શરત બની જાય છે. જ્યારે આત્માનંદ પ્રગટ થાય છે ત્યારે અચૂક મનોજય આપણે મેળવેલો જ હોય છે.

બિભત્સ્ય અને વિરૂપ, કુરૂપ વસ્તુઓમાં પણ આત્માનું સૌંદર્ય હોય છે. તે માણવું એટલે જ મનોજય કહેવાય. આ વાત શ્રી અરવિન્દ ફરી પોતાના વિચાર સૂત્ર ૪૬માં જણાવે છે.

(અનુ પૃ.૩૭ ઉપર)

# આત્મસિદ્ધિ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

## વ્યક્તિગત અને સામૂહિકપૂર્ણતા

(પુસ્તિકા પૃ.૩૬-૩૭) પ્રકરણ - ૮

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**૧ પૂર્ણયોગના સાધક માટે બાહ્ય કે આભ્યંતર એકાંત કેવળ થોડા સમય માટે જ વિકાસના સાધનરૂપ હોઈ શકે. પૂર્ણયોગનો સાધક જીવન યાને વ્યવહારને પણ સ્વીકારે છે.**

**૨ પૂર્ણયોગના સાધકે પોતાના સ્વભાવમાં રહેલી અહંતા, અવ્યવસ્થા અને આનંદનાં સર્વ બળોને જીતવાનાં છે.**

**૩ પૂર્ણયોગના સાધકનું પોતાનું આંતરજીવન એટલું બધું વિસ્તૃત થયેલું હોય છે કે તે બીજા ઘણા માણસોના જીવનને અને વિશ્વ જીવનને પણ પોતામાં સમાવી લેતું હોય છે.**

**૪ તેણે એમનો પ્રભુના સાક્ષાત્કાર અને આવિર્ભાવનાં સાધનો તરીકે સ્વીકાર કરીને તેમની વચ્ચેના આથડતા વિરોધોનું પરિવર્તન કરી નાંખવાનું હોય છે.**

**૫ એ પરસ્પર વિરોધી તત્ત્વો વચ્ચે અંદરો અંદર સંવાદ સ્થાપવાનો હોય છે.**

પૂર્ણયોગી માટે એકાંત એ સર્વકાલીન બાહ્યસ્થિતિ રહી શકતી નથી. આંતરિક એકાંત અને મૌનમાં અર્થાત્ નીરવ-મનમાં રહેતા શીખ્યા પછી તેને માટે બાહ્ય એકાંતની જરૂર જ રહેતી નથી. તેથી તે જગતનો ભાર પણ પ્રભુને સમર્પિત ભાવથી ઉપાડી લે છે. તેમાં સત્તા, મહત્તા કે કમાણી જેવી પ્રેરણાઓ રહેતી નથી.

આ દરમિયાન તેણે જીવનમાં ઘણા સંગ્રામો ખેલવા પડે છે. આ સંગ્રામો દરમિયાન પોતાની અંદર દેખાતી અવ્યવસ્થા, અજ્ઞાન અહંતા વગેરેને વીણી-વીણીને તે તેમનો નાશ કરે છે અને તેમની સ્થાને વ્યવસ્થા, જ્ઞાનમય સમજણ અને પ્રભુ પ્રત્યેના અડગ સમર્પણને સ્થાપે છે. તેનું આંતરિક જીવન એટલું વિશાળ બની જાય છે કે તેને સમાજનાં, રાષ્ટ્રના, જગતના બધાં જ પ્રશ્નો પોતાના પ્રશ્નો લાગે છે. તેથી તેની સમસ્યાઓ વધારે ઘેરી હોય છે. તેથી સમસ્યાના નિવારણ માટે તેને બળ મેળવવું પડે છે. પણ તે તેને સેવક તરીકે રાખે છે. પ્રભુ અને પોતાની પ્રકૃતિ બન્ને વચ્ચે સંવાદ રચે છે. તેથી તેમાં નિર્લેપતા, આત્મસંતોષ, પરાત્પર ગહન શાંતિ સ્થપાય છે. સમસ્યાના નિવારણમાં તે બુદ્ધિનો વિરોધ, ઇન્દ્રિયોના વળગણો, હૃદયનો ક્ષોભ, કામનાઓનો પ્રપંચ અને ભૌતિક શરીરની જડતા, આળસથી દોરવાતો નથી. આ બધા તત્ત્વો આંતરિક-વિખવાદ અને વિસંવાદ, નિર્માણ કરી પૂર્ણયોગીની આંતરપ્રેરણાઓમાં અવરોધો સરજે છે. તેણે તેમની વચ્ચે વ્યવસ્થા અને સુસંવાદ રચવાનો છે. તેમને આંતરપ્રેરણાને અનુસરતા કરવાનાં છે. આને જ રૂપાંતર કહેવાય છે. આ રીતે વ્યક્તિગત કક્ષાની પૂર્ણતા પ્રાપ્ત કર્યા બાદ સામાજિક - જીવનમાં પણ તે જ ધારાધોરણો મુજબ સંવાદ અને એકતા રચવાનાં છે. બધી જ વ્યક્તિઓ, સમાજ, રાષ્ટ્રો વચ્ચે સુસંવાદ રચી તેમને આધ્યાત્મ તરફ વાળવાનાં છે. સંસ્કૃતિ સંસ્કૃતિ, ધર્મ ધર્મ વચ્ચેના ભેદથી ઉપર ઉઠાવી માનવ-વંશને એકરૂપ કરી દિવ્ય-જીવન તરફ વાળવાનો છે. બિંદુ જ સિંધુને બદલી શકે છે. વ્યક્તિગત પૂર્ણતા જ સામુહિકપૂર્ણતાને વિકસાવી શકે છે. પછી તે એકબીજાને પૂરક બનવા માંડે છે. (સંપૂર્ણ)

## રાજકોટ કેન્દ્રનું ભાવિ પ્રકાશન કાર્ય

### પૂર્ણયોગની પ્રાર્થનાઓ

આ પુસ્તક શ્રી માતાજીના પ્રાર્થનાઓ અને ધ્યાન ઉપર આધારિત હોઈને ૨૧૦ મૂળ પ્રાર્થનાઓના મહત્ત્વનાં અંશોનો વિવરણ સાથે તેમાં સમાવેશ કરેલો છે.

તેમાં આપણને શ્રી માતાજીની સાધનાની આંતરિક પ્રક્રિયાઓની વિગતો જાણવા મળે છે. - તંત્રી

## વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

# વૈદિક દેવતા

## ઇન્દ્ર

પ્રકરણ - ૬

વેદોમાં બે દેવતાનું સંયુક્ત કાર્ય હોય તો તેમને જોડી દેવામાં આવે છે. તે પૈકી જેનું મુખ્ય કાર્ય હોય તેનું નામ પ્રથમ આવે છે અને સહાયકનું નામ બીજું. દા.ત. ઈન્દ્રાપૂષન્ આનો અર્થ કે ઈન્દ્રની પ્રમુખ ભૂમિકા તરીકે તેણે સાધકને ઊર્ધ્વ સત્યોનો સાક્ષાત્કાર કરાવીને સાધનામાં રસ પેદા કરવાનો હોય છે. પુષને તે સાથે સાધકને પોષણ આપી તેને તે માટે સક્ષમ કરવાનો છે. ઈન્દ્રાપૂષણા વાજસાતૌ - ઉત્તમ અનુભૂતિઓનું અન્ન (વાજ) આપીને બન્ને સાથે કામ કરો એવી વિનંતિ છે.

ઈન્દ્ર અને બૃહસ્પતીને પણ યમલભ્રાતા ગણ્યાં છે. બન્નેના પિતા એકજ છે, આપઃ અર્થાત્ નિરાકાર ચેતના. પણ બન્નેની માતારૂપી સંકલ્પ જુદાં છે. ઈન્દ્ર સાધકને ઉપરથી ખેંચે છે, બૃહસ્પતી તેની ચેતનાને વિશાળ બનાવે છે આમ કાર્યભેદ છે.

ઈન્દ્રવરુણ એ જ રીતે યુગ્મ-દેવતાની જોડી છે. તે બન્ને મળીને માનવજાતને ટકાવી રાખે છે. ધર્તારા-ચર્ષણીનામ્ (ઋ ૧-૧૭-૨) વરુણ અવચેતનના દેવતા છે. ઈન્દ્ર પ્રકાશમય મનનો બન્નેનો પરસ્પર વિરોધી આકર્ષણોથી માનવજાત વચમાં સ્થિર છે. પશુતામાં પણ જતી નથી અને દેવત્વ પણ પામતી નથી. તે બન્ને (ચિત્રાય રાધસે (ઋ-૧-૧૭-૨) ઈન્દ્રાવરુણને ધૃતવ્રતૌ, આનંદને વધારનારાં કહ્યાં છે. ઈન્દ્ર માનસિક આનંદ આપે છે. વરુણ પ્રાણમય આનંદ. ઈન્દ્રાસોમ એ પણ યુગ્મ-દેવતાની જોડી છે. તે શાંતિ આપનારાં છે. ઈન્દ્ર મનોમય વિકાસ કરે છે. સોમ મનોમય પ્રકાશ અને આનંદ પ્રગટાવે છે. આમ મનોમય શાંતિ વધે છે. બન્ને મળીને અસૂરોને હેરાન કરી મૂકે છે. ઈન્દ્ર સોમા તપતં રક્ષ ઉબ્જતં (અર્થવ ૮-૪-૧)

ઈન્દ્રને 'વિશ્વજિત્' પણ કહે છે. કારણ તે કારણ શરીર, સૂક્ષ્મ શરીર, સ્થૂળ

શરીર ત્રણે વિશ્વોને પોતાના નિયંત્રણમાં રાખે છે. કૌષિતકી બ્રાહ્મણમાં પ્રજાપતિને વિશ્વજિત કહ્યાં છે. પ્રજાપતિ વિશ્વજિત્ (કૌ.બ્રા.૨૫-૧૧-૧૨-૧૫) કારણ પ્રજાપતિએ જ જગત નિર્માણ કરેલું હોવાથી તે તેના નિયંત્રણમાં છે.

ઈન્દ્રના ઘોડાઓની યાળ લીલા રંગની છે એમ જણાવેલ છે, ઈન્દ્ર હરિકેશઃ યજ્વભિઃ (અર્થવ ૨૦-૩૦-૫)

બ્રાહ્મણ ગ્રંથો હરિનો અર્થ પ્રાણ લે છે. પ્રાણો વૈ હરિઃ। સ હિ હરતિ (કૌષી બ્રા ૧૪-૩-૧-૨૬) જ્યારે નિરુક્તકાર યાસ્ક હરયઃ એટલે - અદિત્યે રશ્મયાઃ..... (નિ-૭.૨૪) અર્થાત્ હરિ એટલે સૂર્યનાં કિરણો, એવું જણાવે છે. વિશ્વકિરણોમાંના જે કિરણો લીલા રંગના છે તેને જ હરિઃ કહેતા હોવા જોઈએ અથવા તેઓ વેગથી ગમન કરે છે (હરતિ) તેથી બધાને જ હરિ કહેતા હોવા જોઈએ.

ઈન્દ્ર અને ગૌતમ ઋષિ પત્નિ અહલ્યાનું આખ્યાન પ્રતીકાત્મક છે. ગૌતમ એટલે ખૂબજ પ્રકાશ ધારણ કરનાર સાધક જેણે હજી તે પ્રકાશને સંકલ્પ બળે પોતાના ભૌતિક શરીરમાં ઉતારેલો નથી. તેવો સાધક જ્યારે આ રીતે મન અને પ્રાણમાં દિવ્ય-તેજ ધારણ કરવાથી તે ત્યાં પ્રચુર માત્રામાં ભેગુ થાય છે ત્યારે તે ત્યાંથી પોતાની મેળે શરીરમાં રેલાવા માંડે છે. ગૌતમઋષિએ પોતાના શરીરનું ખેડાણ કરેલ નથી. તેથી તે ભૂમિ અહલ્યા છે. હળથી જમીન ખેડાય છે તેથી ખેડાએલી જમીન હલ્યા કહેવામાં આવે છે અને વણખેડાએલી જમીનને અહલ્યા કહે છે. ગૌતમઋષિનું શરીર આ રીતે અહલ્યા હતું.

પ્રકાશ ધારણ કરેલ મન એટલે ઈન્દ્ર. તેમાંથી પ્રકાશ શરીરમાં ઊતરવા લાગ્યો. તેથી જાણે શરીર પોતાની મેળે ખેડાવા લાગ્યું. જાણે અહલ્યાને ઈન્દ્રે ભ્રષ્ટ કરી.ગૌતમઋષિને આ વસ્તુ પ્રકાશ વેડફતી, પ્રકાશની ખોટીગતિની છાપ પડી. તેથી તેણે તેનો વિરોધ કર્યો.

તે અવતરણ પામેલો પ્રકાશ કોષેકોષમાં જઈને સ્થિર થયો જાણે ઈન્દ્રને હજાર આંખો નિર્માણ થઈ.

સારાંશ, અહલ્યા આખ્યાન કોષોની સાધનાની જ પ્રતીકાત્મક રીતે કરેલી રજૂઆત છે.

પ્રકાશિત મન આપણા મનની પાછળ ઢંકાઈને રહેલું જ છે અને ઘણી વખત આપણા આ મનમાં પ્રવેશી દિવ્ય-વિચારો તરીકે પ્રગટ થાય છે. તેથી વેદો જણાવે છે કે 'અન્યસ્ય ચિતં અભિસંચરેણ' તે બીજા મનમાં પોતે સંચાર કરીને પ્રગટ થાય છે. (ક્રમશઃ)

# श्री भगवत्याराधना

प्रा.डॉ.पुष्पा भट्ट - कपडवंज

| | | |
|---|---|---|
| आद्यामनवद्यां साध्यां | सिद्धेश्वरीं | नमाम्यहम् । |
| प्रज्ञानघनरुपिणी | परतरां | नमाम्यहम् । |
| पारमार्थ्यपरायाणां | परांज्योतिं | नमाम्यहम् । |
| शाश्वतीं भास्वतीं द्युतिं | परात्परां | नमाम्यहम् । |
| परं सत्यमयी ऋतां | भग्वतीं | नमाम्यहम् । |
| शान्तिमयीं सुस्थिरों | पूर्णेश्वरीं | नमाम्यहम् । |
| दिव्यामृतपानमग्नां | सुदिव्यतां | नमाम्यहम् । |
| दिव्यजीवन बोद्यतां | द्युतिमयीं | नमाम्यहम् । |
| दिव्यप्रेममयां द्रुतिं | रसज्योतिं | नमाम्यहम् । |
| राज राजेश्वरीं राज्ञां | सुराजितां | नमाम्यहम् । |
| हृदयगुहाधिष्ठात्रीं तां | चितिरूपां | नमाम्यहम् । |
| रसिकप्रियां राधिकां | रसानंदां | नमाम्यहम् । |
| चिदानन्दां महानन्दां | नन्देश्वरीं | नमाम्यहम् । |
| आनन्दकन्दां वृन्दां | परानन्दां | नमाम्यहम् । |
| अधिमानस रूपिणीं | कृष्णशक्तिं | नमाम्यहम् । |
| अतिमानस रूपिणीं | मीराम्बिकां | नमाम्यहम् । |
| योगमार्ग समन्वितां | सामंज्ञस्यां | नमाम्यहम् । |
| योगमार्ग प्रदर्शिनीं | पूर्णयोगां | नमाम्यहम् । |
| पूर्णयोगेश्वरेश्वरीं | परात्परां | नमाम्यहम् । |
| पुरूषोत्तमप्रियां तु | परतमां | नमाम्यहम् । |
| चतुर्विधां महाशक्तिं | परमेश्वरीं | नमाम्यहम् । |
| बृहतां प्रज्ञाशीलां तु | महेश्वरीं | नमाम्यहम् । |
| सर्वप्रहरणांयुधां | महाकालीं | नमाम्यहम् । |
| कमलां कमलौद्भवां | महालक्ष्मीं | नमाम्यहम् । |

| | | |
|---|---|---|
| वीणावादनतल्लीनां | सरस्वतीं | नमाम्यहम् । |
| शब्दरूपां शब्दातीतं | शब्दगुणां | नमाम्यहम् । |
| व्यजनारूपां रूचिरां | शब्दशक्तिं | नमाम्यहम् । |
| लक्षणारूपां लक्षितां | शब्दशक्तिं | नमाम्यहम् । |
| अभिदारूपां वाच्यार्था | शब्दशक्तिं | नमाम्यहम् । |
| तात्पर्यरूपां शब्दार्थां | शब्दशक्तिं | नमाम्यहम् । |
| परापश्यन्ती मध्यमां | वैखरीं तु | नमाम्यहम् । |
| सुललित कलारूपां | कलामयीं | नमाम्यहम् । |
| सुफलितां सुमंऽगलां | विश्वेश्वरीं | नमाम्यहम् । |
| सुरनरमुनिवन्द्यां | सुवन्दितां | नमाम्यहम् । |
| जनगणमननन्द्यां | सुनन्दितां | नमाम्यहम् । |
| भक्तजन समाराध्यां | समाहितां | नमाम्यहम् । |
| दुष्टजन दुराराध्यां | सुदुर्लमां | नमाम्यहम् । |
| शान्तिरूपां क्षान्तिरूपां | कान्तिरूपां | नमाम्यहम् । |
| भ्रान्तिरूपां क्रान्तिरूपां | श्रान्तिरूपां | नमाम्यहम् । |
| हरिवल्लंभां रसधरां | रसेश्वरीं | नमाम्यहम् । |

---

(અનુ.પૃ.૪૮ ઉપરથી)

## પ્રાસંગિક

(શ્રી ચંપકલાલ નિવાર્ણદિન ૯-મે ૨૦૧૩ નિમિત્તે - મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્રની વંદના)

(આપણે પણ સમયાંતરે પોતાની સાધના બાબતના આ ચાર પ્રશ્નો બાબત માતાજીને સ્મરી અને પ્રામાણિક પરીક્ષણ કરીને જવાબ મેળવવાની ટેવ જરૂરી છે. (૧) શું આપણે દરેક પ્રસંગે હૃદયસ્થ પ્રભુ પ્રત્યે સમર્પિત રહ્યાં છીએ ? (૨) સમર્પણમાં ખલેલ પાડતાં તત્ત્વોને નિવારી સમર્પણ વધુ પૂર્ણ બનાવ્યું છે ? (૩) જીવનની કપરી પરિસ્થિતિને કસોટીરૂપ ગણી તેમાંથી શીખી વિજયી બન્યા છીએ કે માનવી પરિતાપમાં અટવાઈ ગયા છીએ ? (૪) સાધનાની સુરક્ષિતતા માટે સદૈવ જાગૃત છીએ ? - તંત્રી)

## પ્રાસંગિક

# શ્રી ચંપકલાલની સાધનાની પ્રગતિનું પ્રમાણ

**(સાભાર - પૂર્ણયોગનો પથિક : શ્રી ચંપકલાલ) (પૃ.૧૬૯-૧૭૨)**

એક વખત શ્રી માતાજી સાથે લંબાણપૂર્વકની મહત્ત્વની અંગત વાતચીત થયા બાદ ચંપકલાલે શ્રી માતાજીને વિનંતી કરી હતી કે તેઓએ જે કહ્યું તે ચંપકલાલ માટે લખીને જણાવે. શ્રી માતાજીએ નીચે મુજબ લખી જણાવ્યું હતું. (Champaklal Speaks : P.337 to 339)

ચંપકલાલ, ૧૨.૨.૧૯૩૨

૧ તમારા હૃદયમાં રહેલા ઈશ્વર પ્રત્યે હંમેશા વફાદાર રહો.

૨ તમારા સમર્પણની સંપૂર્ણતામાં ખલેલ કરી કશું પણ તમારી પ્રગતિને અટકાવે તેમ થવા દેશો નહિ. અત્યાર સુધી તમારી પ્રગતિ ઘણી સંતોષકારક રહી છે.

૩ હાલના સંજોગો અને જે ફરી પાછું ઊભું થયું છે..... તેનો કસોટી તરીકે સ્વીકાર કરો અને વિજયશાળી રીતે એનો સામનો કરો.

૪ સાવધ રહો.

ચંપકલાલે આ સૂચનાઓનો નિષ્ઠાપૂર્વક અમલ કરવાનો નિર્ધાર કર્યો અને પ્રતિ વર્ષ પોતાની પ્રગતિનું આ ચાર મુદ્દાઓ પરત્વે મૂલ્યાંકન કરી આપવા શ્રી અરવિન્દ અને શ્રી માતાજીને વિનંતી કરી. વર્ષ ૧૯૩૩થી ૧૯૪૦ દરમિયાન શ્રી અરવિન્દ અને શ્રી માતાજીએ મૂલ્યાંકન કરવાનું ચાલુ રાખ્યું અને ૧૯૪૦ પછી પ્રગતિ એમને સંતોષકારક લાગતા, ચંપકલાલને સાવધાનીપૂર્વક માર્ગ ઉપર સીધા પ્રયાણ કરતા રહેવાની સલાહ આપી હતી.

હવે આપણે ચંપકલાલની સાધનામાં પ્રગતિ દર્શાવતા શ્રી અરવિન્દ અને શ્રી માતાજીએ આપેલા જન્મદિવસના સંદેશાઓ ધ્યાનપૂર્વક તપાસીશું. ૧૧-૨-૧૯૩૩

માતાજી, ગયે વર્ષે આપની પાસેથી મને પરીક્ષાનું પ્રશ્નપત્ર મળ્યું હતું. એમાં ચાર વસ્તુઓ હતી. મને કેટલા ગુણ મળ્યા છે ? હું પાસ થયો છું કે નાપાસ?

-ચંપકલાલ

- શ્રી માતાજી :

(૧) સારી રીતે પાસ થયા છો. (૨)પ્રગતિ એકધારી થઈ રહી છે.

(૩) ખરાબ નહિ. (૪) સંતોષકારક.

ફેબ્રુઆરી ૧૯૩૪

ચારેય બાબતોમાં પ્રગતિ સારી છે.

- શ્રી માતાજી

૧૯-૩-૧૯૩૫

ચારેય બાબતો વિશે અલગ અલગ જવાબ મળે એ માટે મારી પ્રાર્થના છે.

- ચંપકલાલ

ચારેય બાબતો અંગે સામાન્ય રીતે એમ કહી શકાય કે પ્રગતિ થઈ રહી છે.

- શ્રી અરવિન્દ

૨૦-૩-૧૯૩૫

ગઈકાલના તમારા પ્રત્યુત્તરનો અર્થ એ ન થાય કે અગાઉના ત્રણ વર્ષોની સરખામણીએ આ વર્ષે પ્રગતિ થઈ નથી ?

શું એ સાચું છે કે આપને મારી પ્રગતિથી સંતોષ નથી ?

-ચંપકલાલ

ના, મારા કહેવાનો અર્થ એ નથી. મને લાગે છે કે મેં એમ જણાવ્યું હતું કે ચારેય બાબતોમાં પ્રગતિ થઈ છે.

- શ્રી અરવિન્દ

ગયા વર્ષે મને શ્રી માતાજી તરફથી પ્રમાણપત્ર મળ્યું હતું કે 'સારી પ્રગતિ', આ વર્ષે માત્ર 'પ્રગતિ'. શું આ બેમાં કોઈ તફાવત નથી ?

- ચંપકલાલ

તમે બરાબર પ્રગતિ કરી રહ્યા છો; એ બાબતે ચિંતા કરશો નહિ.

- શ્રી માતાજી

૧-૨-૧૯૩૬

આ વર્ષે પણ કૃપામયી માતાજી પાસેથી હું ચારેય બાબતો વિશે અલગ અલગ જવાબ માટે પ્રયત્ન કરું છું. - ચંપકલાલ

આ વર્ષ સામાન્યતઃ સારી પ્રગતિ થઈ છે અને તમે ખૂબ જ સભાન બન્યા છો.

- શ્રી અરવિન્દ

પ્રેમ અને આશીર્વાદ સહ,

શ્રી માતાજી

૨-૨-૧૯૩૭

આ વર્ષે પણ ચારેય બાબતો વિશે અલગ અલગ જવાબ માટે મારી પ્રાર્થના છે.

- ચંપકલાલ

(૧) આમાં ખૂબ સારી પ્રગતિ થઈ રહી છે. (૨) અહીં પણ તમે સારું કર્યું છે.

(૩) અહીં સુધારો થયો છે. (૪) અહીં પણ

- શ્રી અરવિન્દ

૨-૨-૧૯૩૮

(૧) સંપૂર્ણપણે સફળ. (૨) પ્રગતિ સંતોષકારક રહી છે.

(૩) તદ્દન બરાબર. (૪) સુધારો થયો છે, પણ વધુ સુધારાની જરૂર છે.

- શ્રી માતાજી

૨-૨-૧૯૪૦

(૧) સંતોષકારક. (૨) સંતોષકારક.

(૩) સંતોષકારક. (૪) હંમેશા સાવધ રહો.

૨-૨-૧૯૪૧

અમને લાગે છે કે આ મુદ્દાઓ માટે જવાબ આપવાનું હવે જરૂરી નથી, તમારે માર્ગ ઉપર સીધા આગળ વધ્યે જવાનું છે.

અમારા પ્રેમ અને આશીર્વાદ સહ.

- શ્રી માતાજી

(અનુ.પૃ.૪૫ ઉપર)



# શ્રી અરવિંદ

Love in her was wider than the universe,
The whole world could take refuge in her single heart.
The great unsatisfied godhead here could dwell:
Vacant of the dwarf self's imprisoned air,
Her mood could harbour his sublimer breath
Spiritual that can make all things divine.

Sri Aurobindo (Savitri B-1, C-2, P-15-16)

## સાવિત્રીની આંતરિક સ્થિતિ

ભાવાનુવાદ

પ્રેમ તેનું વિશાળ બનતું, વિશ્વથી પણ આગળ વધે,
જગતો સમસ્ત હૃદયે તેનાં, આશ્રય લઈને સુખમાં રમે.
પરમાત્મા પણ નિઃશંકોચ આવી, તેના હૃદયે વાસ કરે,
અહં તણી બંધિયાર હવા ત્યાં, ક્ષણ માત્ર પણ ન ટકી રહે.
પરમાત્મા પણ દિવ્ય ભાવ-જગતે, પ્રસન્ન વદને વિહાર કરે,
તેના દિય-સ્પર્શે, અખિલ વસ્તુ, દિવ્યતા અખૂટ ધરે.



## પ્રથમ સપ્તર્ષિ : મરીચિ અને કશ્યપ

મરીચિ પ્રકાશ કિરણરૂપ, તે આત્મ-શક્તિનું રૂપ,
તે બ્રહ્માંડને સર્જતી, તેથી પ્રજાપતિ સ્વરૂપ.
મરીચિની પાંચ પત્નીઓ, અદિતિ દિતિ, દનુ,
કદ્રુ ને વિનીતા કહી, વિવિધ પ્રકૃતિઓનો સમૂહ.
દેવ પ્રકૃતિ, અસુર ને, દાનવ પ્રકૃતિ ત્રીજી ગણાય,
સરિસૃપ પ્રકૃતિ અને ગરુડ, પ્રકૃતિ પાંચમી જણાય.
આ પાંચે માનવ ચિત્તે વસે, વિચાર, ભાવ સંકલ્પ પ્રકાર,
માનવીની જ પૈદાશ તે, પ્રભુ વાપરે તેને વારંવાર.
ચેતનાને વિકસાવતા, આનંદ - ધારણે અનુરૂપ,
મરીચિ પુત્ર કશ્યપ ગણ્યા, કશ્ય મદિરા રૂપ,
આનંદને મદિરા ગણે, તેનો પિપાસુએ અવધૂત.
માનવ પાંચ પ્રકૃતિ તણી, શોધ તેમણે કરી,
તેમ જ પ્રકાશ ધ્યાને આનંદ મળે, એ પણ શોધ ગણી.
તેથી આ પિતા-પુત્રને, મહાન ઋષિ ગણ્યા,
ને સપ્તર્ષિમાં અગ્રક્રમે, તેમણે તેમને ધર્યા.


**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

સહજ સત્સંગ માસિક
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

પુસ્તકો
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ‘‘અર્પણ’’ ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ‘‘અર્પણ’’ ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત

Registered with the registrar of Newspaper for INDIA
No. GUJGUJ/2013/48361 Regd. No. GRJ-303 Valid upto Dec. 2014